અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ એપ્રિલ ૨૦૨૫, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૩

વર્ષ : ૧૬
અંક : ૨૯૭

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

આતંકવાદ વિરૂદ્ધ ઈઝરાયલ ખડેપગે મદદ કરવા તૈયાર

ઈઝરાયલનું એલાન : ભારતને જે જોઈએ તે બધું આપવા અમે તૈયાર

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૯ ।

પહલગામ આતંકવાદી હુમલા બાદથી ઈઝરાયલ ભારત સાથે સતત સંપર્કમાં છે. ઈઝરાયલે ખુલ્લેઆમ આતંકવાદીઓ સામે ભારતને શક્ય તમામ મદદ કરવાની તૈયારી બતાવી છે. ઈઝરાયલના રાજદૂત રુવેન અઝારે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની તુલના ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયલ પર હમાસના હુમલા સાથે કરી છે.

પહલગામ હુમલા પર ઊંડો શોક વ્યક્ત કરતાં અઝારે કહ્યું કે, હુમલાની ક્રૂરતાએ અમને ૭ ઓક્ટોબરના રોજ ઈઝરાયલ પર થયેલા હુમલાની યાદ અપાવી. પહલગામમાં ધર્મના આધારે લોકોના માથે ગોળી ધરબી દેવામાં આવી. હનીમૂન પર ગયેલા પ્રવાસીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ એ જ આતંક છે જેમાંથી અમે પણ પસાર થયા છીએ. અમારે ત્યાં પણ તહેવારોની ઉજવણીમાં ઘરોમાં સૂતા નિર્દોષ લોકોને આતંકવાદીઓ દ્વારા મારી નાખવામાં આવ્યા હતા.

રાજદૂતે જણાવ્યું હતું કે, અમે ભારતના આત્મરક્ષણના અધિકારને મજબૂત સમર્થન આપીએ છીએ. પહલગામ હુમલો છેલ્લા બે દાયકામાં નાગરિકો પર થયેલા સૌથી ઘાતક હુમલાઓ પૈકી એક ગણાય છે.

ઈઝરાયલ ભારત સાથે ખભેથી ખભા મિલાવીને ઉભું છે અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને શક્ય તમામ મદદ કરવા તૈયાર છે.આગળ કહ્યું કે, 'ભારત જાણે છે કે તેણે શું કરવું. આ સાર્વભૌમત્વનો મામલો છે. દેશના આત્મરક્ષણનો મામલો છે. ભારતને આ હુમલાનો પોતાની રીતે જવાબ આપવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. ભારતે આતંકવાદ સામે તેની મજબૂત નીતિ દર્શાવી છે અને અમે માનીએ છીએ કે ભારત ક્યારેય આતંકવાદ સામે ઝૂકશે નહીં. ઈઝરાયલ આતંકવાદ સામે લડવા માટે ગુપ્તચર, ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોમાં ભારત સાથે સહયોગ આપવા પ્રતિબદ્ધ છે.' વધુમાં અઝારે જણાવ્યું હતું કે, 'અમે ભારતને શું કરવું જોઈએ તે અંગે સલાહ આપવાની સ્થિતિમાં નથી, કારણ કે ભારત સરકાર અને તેની સુરક્ષા એજન્સીઓ સરહદ પારના આતંકવાદનો સામનો કેવી રીતે કરવો તે સારી રીતે જાણે છે. અમે તકનીકી અને ગુપ્તચર સહયોગ દ્વારા ભારત સાથે કામ કરીશું'

૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયલમાં સવારે ૬.૩૦ વાગ્યે જ્યારે હમાસના આતંકવાદીઓ આવ્યા, ત્યારે લોકો એક સંગીત ઉત્સવમાં જઈ રહ્યા હતા, ઘણા લોકો પોતાના ઘરમાં હતા,પથારીમાં સૂતા હતા, અને તેઓએ ઊંઘમાં જ મારી નાખવામાં આવ્યા, તેમના પર બળાત્કાર કર્યો અને તેમને સળગાવી દેવામાં આવ્યા હતાં. કુલ ૧૧૧૯ લોકોનો નરસંહાર કર્યો હતો.

અઝારે પાકિસ્તાનની તપાસની માંગ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, "જો તમે આતંકવાદીઓને આશ્રય આપો છો અને પછી તપાસની માંગ કરો છો, તો તે ખૂબ જ દંભી વાત છે, એક પ્રકારનો ઢોંગ છે. ભૂતકાળમાં પણ, આવા કેસોની તપાસમાં કંઈ પરિણામ આવ્યું નથી. આતંકવાદ હવે ફક્ત મર્યાદિત ક્ષેત્રનો પડકાર નથી રહ્યો પરંતુ તે વૈશ્વિક સમસ્યા બની ગયો છે. રાજદૂતે વિશ્વના તમામ લોકશાહી અને વિચારશીલ દેશોને સાથે મળીને આતંકવાદનો સફાયો કરવાની અપીલ પણ કરી છે.

સિંધુ બાદ પાકિસ્તાનને વધુ એક મોટો ફટકો

ભારત સરકાર હવે પાકિસ્તાની વિમાનો માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાની તૈયારી

પહલગામ આતંકવાદી હુમલા પછી, NSCની બેઠકમાં, પાકિસ્તાને ભારતીય વિમાનો માટે હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધ મૂક્યો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૯ ।

પાકિસ્તાન સામે ભારતની કાર્યવાહી હજુ પૂરી થઈ નથી. એવા સમાચાર છે કે ભારત સરકાર હવે પાકિસ્તાની વિમાનો માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાની તૈયારી કરી રહી છે. જોકે, આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. રસપ્રદ વાત એ છે કે, પહલગામ આતંકવાદી હુમલા પછી, NSC ની બેઠકમાં, પાકિસ્તાને ભારતીય વિમાનો માટે હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધ મૂક્યો હતો.

એક અહેવાલમાં સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે ભારત સરકાર પાકિસ્તાની જહાજોને તેના બંદરોમાં પ્રવેશવા પર પણ પ્રતિબંધ મૂકી શકે છે. આ ઉપરાંત, પાકિસ્તાની વિમાનોના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ પર પણ પ્રતિબંધ લગાવી શકાય છે. આ ઘટના એવા સમયે બની રહી છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદી હુમલાના આરોપીઓને કડક સજા આપવાની વાત કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જો ભારત સરકાર હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધ મૂકવાનો



નિર્ણય લે છે, તો પાકિસ્તાની વિમાનોને દક્ષિણ-પૂર્વમાં કુઆલાલંપુર જેવા સ્થળોએ પહોંચવા માટે ચીન અથવા શ્રીલંકા જેવા દેશોના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરવો પડશે. જોકે, એવા અહેવાલો પણ છે કે પાકિસ્તાની વિમાનો પહેલાથી જ ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાનું ટાળી રહ્યા છે. ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી કેન્દ્રીય મંત્રીમંડળની પહેલી બેઠક બુધવારે યોજાશે. પહેલગામ આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા.

રાષ્ટ્રીય સુરક્ષા અને અખંડિતતા સાથે સંકળાયેલા કોઈ અહેવાલ જાહેર નહીં થાય

। નવી દિલ્હી, તા.૨૯ ।

પેગાસસ સ્પાયવેર દ્વારા જાસૂસી સાથે જોડાયેલા મામલાની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે મોટી ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે જો સ્પાયવેરનો ઉપયોગ થઈ રહ્યો છે તો તેમાં ખોટું શું છે. આ સાથે કોર્ટે એમ પણ કહ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા અને સાર્વભૌમત્વના મુદ્દે પેગાસસનો કોઈ રિપોર્ટ સાર્વજનિક કરવામાં આવશે નહીં. બાર અને બેંચના રિપોર્ટ અનુસાર, આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું, "આપણે એક વાત સ્પષ્ટ કરીએ કે સ્પાયવેર રાખવામાં કોઈ સમસ્યા નથી. અમે રાષ્ટ્રની સુરક્ષા સાથે સમાધાન કરી શકીએ નહીં. હા, પ્રશ્ન એ હોઈ શકે છે કે તેનો ઉપયોગ કોની વિરુદ્ધ થઈ રહ્યો છે. જો તેનો ઉપયોગ નાગરિક સમાજના વ્યક્તિ વિરુદ્ધ થઈ રહ્યો છે, તો આ મામલાને ધ્યાનમાં લેવામાં આવશે." જસ્ટિસ સૂર્યકાન્ત અને એન કોટીશ્વર સિંહની ડિવિઝન બેંચ ભારત સરકાર દ્વારા પત્રકારો, ન્યાયાધીશો, કાર્યકર્તાઓ અને અન્યોની જાસૂસી કરવા માટે પેગાસસ સ્પાયવેરનો ઉપયોગ કરવાનો આરોપ લગાવતી અરજીઓની સુનાવણી કરી રહી હતી.

પાકિસ્તાન સાયબર એટેકમાં હાર્યું

ભારતે સતત ચાર એટેક કર્યા નિષ્ફળ, હેકર્સનો પ્લાન ફેઈલ

પાકિસ્તાન સ્થિત IOK હેકર સાયબર ગ્રૂપે ભારતીય સેના સાથે સંકળાયેલી કેટલીક જાહેર વેબસાઈટોને ટાર્ગેટ કરવાનો પ્રયાસ કર્યો છે

। (એજન્સી) પાકિસ્તાન, તા.૨૯ ।

પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓએ ૨૬ પ્રવાસીઓને મોતને ઘાટ ઉતાર્યા બાદ પાકિસ્તાન ભયભીત થઈ ગયું છે. ભારત ગમે તે સમયે હુમલો કરવાની તૈયારીમાં હોવાનો પાકિસ્તાનને ડર છે. ભારત તરફથી સંભવિત યુદ્ધના ડરથી પાકિસ્તાને સેના સાથે આતંકવાદીઓને એલર્ટ કરી દીધા છે. આ સાથે તે હેકર્સોનો ઉપયોગ કરી ભારતમાં સાયબર એટેક કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. રિપોર્ટ મુજબ, પાકિસ્તાને ચાર સાયબર એટેક કર્યા છે, જેને ભારતે નિષ્ફળ બનાવી દીધા છે. રિપોર્ટ મુજબ પાકિસ્તાન તરફથી ભારતીય સેના સંબંધીત ઓટોનોમસ વેબસાઈટને હેક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને છેલ્લા બે દિવસમાં બે વખત આવી હરકત થઈ છે. જોકે રાહતની વાત એ છે કે, આ વેબસાટો ભારતીય સેનાના નેટવર્ક સાથે જોડાયેલી નથી. અહેવાલ મુજબ પાકિસ્તાન સ્થિત IOK હેકર સાયબર ગ્રૂપે ભારતીય સેના સાથે સંકળાયેલી કેટલીક જાહેર વેબસાઈટોને ટાર્ગેટ કરવાનો પ્રયાસ કર્યો છે. ગ્રૂપે આર્મી પબ્લિક સ્કૂલ શ્રીનગર, રાનીખેતની વેબસાઈટ, આર્મી વેલફેયર હાઉસિંગ ઓર્ગેનાઈઝેશન અને વાયુસેનાના પ્લેસમેન્ટ પોર્ટલને નિશાન બનાવવાની નાપાક હરકત કરી છે.

આગએ વિકરાળ સ્વરૂપ લીધું

ચીનની રેસ્ટોરન્ટમાં અચાનક આગ લાગતાં ૨૨ લોકોના મોત

ચીનના લિયાઓયાંગ શહેરના લિઓનિંગ વિસ્તારમાં આવેલી રેસ્ટોરન્ટમાં બપોરે ૧૨.૨૫ વાગ્યે અચાનક આગ લાગી હતી

। (એજન્સી) ચીન, તા.૨૯ ।

ઉત્તર ચીનના લિયાઓનિંગ શહેરમાં એક લોકપ્રિય રેસ્ટોરન્ટમાં ભીષણ આગમાં ૨૨ લોકોના મોત થયા. આ અકસ્માતમાં ૩ લોકો ઘાયલ થયા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મૃત્યુઆંક વધુ વધી શકે છે. ભયંકર આગ બપોરે ૨ વાગ્યાની આસપાસ લાગી હતી. આ ભીષણ આગ તરત જ એક બહુમાળી ઈમારતને ઘેરી લે છે, જેની બારીઓ અને દરવાજાઓમાંથી આગ નીકળતી જોવા મળી હતી.

જોકે અધિકારીઓ હજુ સુધી આગનું ચોક્કસ કારણ શોધી શક્યા નથી, ચીનમાં ઔદ્યોગિક અકસ્માતો ઘણીવાર નબળા સલામતી ધોરણો, અપૂરતી તાલીમ અને ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા હોય છે. રેસ્ટોરન્ટમાં આગ લાગવાના કેટલાક કારણો વિશે વાત કરીએ તો, ખુલ્લી જ્વાળાઓ સાથે રસોઈ બનાવવાની પરંપરાગત પદ્ધતિઓ વધારાના જોખમો ઉભા કરી શકે છે. આજની દુર્ઘટનાએ ચીનના 'રસ્ટ બેલ્ટ'નો ભાગ લિયાઓનિંગ પ્રાંતમાં વારંવાર બનતી આવી ઘટનાઓ તરફ ધ્યાન દોર્યું છે.શહેર વહીવટીતંત્ર આ આગની ઘટનાની તપાસ કરી રહ્યું છે. જો આ વિસ્તારની વાત કરીએ તો, છેલ્લા કેટલાક વર્ષોમાં અહીંના લોકોની આર્થિક સ્થિતિ ઘણી બગડી ગઈ છે. આ સાથે, આ વિસ્તાર ઘટતી વસ્તીની સમસ્યાનો સામનો કરી રહ્યો છે.

આ અકસ્માતે વહીવટીતંત્રને સતર્ક કરી દીધું છે. જેમ જેમ તપાસ આગળ વધી રહી છે, તેમ તેમ સ્થાનિક લોકો કડક સલામતી નિયમોની માંગ કરી રહ્યા છે. પોલીસનું કહેવું છે કે વિસ્તારના તમામ રેસ્ટોરન્ટમાં ફાયર સેફ્ટીના ધોરણો તપાસવામાં આવશે.

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીના X હેન્ડલ પર ભારતમાં રોક

। નવી દિલ્હી, તા.૨૯ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત પાકિસ્તાન વિરુદ્ધ કડક કાર્યવાહી કર રહ્યું છે. આ દરમિયાન, ભારતે હવે પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફ સામે કાર્યવાહી કરતા તેના X એકાઉન્ટને બ્લોક કરી દેવામાં આવ્યું છે. અમે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરીશું: ખ્વાજા આસિફ પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફે અગાઉ કહ્યું હતું કે, 'પાકિસ્તાન હાઈ એલર્ટ છે અને અમારી સેના સંપૂર્ણપણે તૈયાર છે.' તેમણે ચેતવણી પણ આપી હતી કે, 'જો પાકિસ્તાનને પોતાના અસ્તિત્વ લઈને ખતરો અનુભવાશે તો અમે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરીશું.'

સરકારે કાશ્મીર ખીણમાં ૪૮ પર્યટન સ્થળોને અસ્થાયી રૂપે બંધ કરી દીધા

। (એજન્સી) જમ્મુ,તા.૨૯ ।

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, રાજ્યભરમાં આતંકવાદીઓ સામે સુરક્ષા દળોનું ઓપરેશન ચાલુ છે. સેના અને પોલીસ કર્મચારીઓ સતત સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે અને પસંદગીપૂર્વક આતંકવાદીઓને મારી રહ્યા છે અને તેમના ઠેકાણાઓનો નાશ કરી રહ્યા છે. સેનાના આ ઓપરેશન વચ્ચે, જમ્મુ અને કાશ્મીર સરકારે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે કાશ્મીર ખીણમાં ૪૮ પર્યટન સ્થળોને અસ્થાયી રૂપે બંધ કરી દીધા છે. જમ્મુ અને કાશ્મીર સરકારે આતંકવાદીઓ સામે સર્ચ ઓપરેશન અને સુરક્ષા સમીક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. સરકારે કાશ્મીર ખીણમાં પ્રવાસીઓ માટે ૪૮ પર્યટન સ્થળોને અસ્થાયી રૂપે બંધ કરવાનો આદેશ જારી કર્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૮૭ પર્યટન સ્થળો પર પ્રવાસીઓને મુક્તપણે ફરવાની છૂટ છે. જો કે, જે પર્યટન સ્થળોને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા છે તે કાં તો આતંકવાદ વિરોધી સર્ચ ઓપરેશનનો ભાગ છે અથવા સંવેદનશીલ સ્થળો પર સ્થિત છે.

જમ્મુ-કાશ્મીરના દૂધપથરી બડગામમાં CRPF વાહન ખીણમાં ખાબક્યું

। (એજન્સી) જમ્મ,તા.૨૯ ।

જમ્મુ-કાશ્મીરના બડગામના ખાનસાહિબ તહસીલમાં દૂધપથરીના તંગનાર વિસ્તારમાં CRPF વાહન અકસ્માત નડ્યો હતો.

CRPFનું વાહન રસ્તા પરથી લપસી ગયો અને ઊંડી ખીણમાં ખાબક્યું હતું. સ્પેશિયલ ક્યુએટી સાઉથ શ્રીનગર રેન્જના નવ જવાનો ઘાયલ થયા છે, જેમાંથી ૨ ની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. આ ઘાયલ જવાનોને શ્રીનગર આર્મી બેઝ હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, મંગળવારે મધ્ય કાશ્મીરના બડગામ જિલ્લાના ખાનસાહિબ તહસીલમાં દૂધપથરીના તંગનાર વિસ્તારમાં CRPFનું એક વાહન અકસ્માતમાં ઊંડી ખીણમાં પડી ગયું હતું. આ વાહન અચાનક સંતુલન ગુમાવી દીધું,

રસ્તા પરથી સરકી ગયું અને ઊંડી ખીણમાં પડી ગયું હતું. આ અકસ્માતમાં ઘણા CRPF જવાનો ઘાયલ થયા છે. ઘટના પછી તરત જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ઘાયલ સૈનિકોની ચોક્કસ સંખ્યા અને તેમની સ્થિતિ હજુ સુધી જાણી શકાઈ નથી.

એક લાખ કરોડના બિઝનેસ પર થશે અસર

CAITએ પાકિસ્તાન સાથેની તમામ બિઝનેસ ડીલ રદ કરી

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૨૯ ।

ભારતના વેપારીઓના સૌથી મોટા સંગઠન કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સએ નિર્ણય લીધો છે કે તે પહેલી મેથી પાકિસ્તાન સાથે કોઈપણ વેપાર કરાર કરશે નહીં.

આ ઉપરાંત અત્યાર સુધી થયેલા તમામ કરારો રદ કરવામાં આવશે. ભુવનેશ્વરમાં યોજાયેલી કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સની અખિલ ભારતીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કોન્ફિડન્સ ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના દેશભરમાં લગભગ ૯ કરોડ વેપારી સભ્યો છે.

સમિતિના અધ્યક્ષ બી.સી. ભારતીયાએ જણાવ્યું હતું કે, 'ભુવનેશ્વરમાં યોજાયેલી બેઠકમાં તમામ રાજ્યોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. જેમાં પાકિસ્તાન સાથેના તમામ વ્યાપારિક સોદાઓ સમાપ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પાકિસ્તાનના ઉદ્યોગપતિઓ ઝઝ્ર દ્વારા લગભગ ૧ લાખ કરોડ રૂપિયાનો વ્યવસાય કરે છે.' અહેવાલો અનુસાર, ભારતીય વેપારીઓ પાકિસ્તાન સાથે ખાંડ, સિમેન્ટ, લોખંડ, વાહનના ભાગો, ઈલેક્ટ્રિકલ સામાનનો વ્યવસાય કરે છે, પરંતુ હવે તેમણે નિર્ણય લીધો છે કે તેઓ પહેલી મેથી આ વ્યવસાય નહીં કરે.

વેપારીઓ ટૂંક સમયમાં આ અંગે વડાપ્રધાન કાર્યાલય, નાણાં પ્રધાન કાર્યાલય, વાણિજ્ય મંત્રાલયને જાણ કરશે. એક તરફ સરકારે પાણી પુરવઠો બંધ કરી દીધો છે, બીજી તરફ વેપારીઓ પણ પોતાને દેશના સૈનિક માને છે.

બદ્રીનાથ ધામ પરિસરમા વીડિયો કોલિંગ અને ફોટોગ્રાફી પર પ્રતિબંધ

મંદિર પરિસરની આસપાસ ચંપલના ઢગલાથી થતી અવ્યવસ્થાને રોકવા માટે સાકેત તિરાહા ખાતે શૂ સ્ટેન્ડ બનાવવામાં આવશે

। (એજન્સી) દેહરાદૂન,તા.૨૯ ।

આ વખતે ચારધામ યાત્રાને વ્યવસ્થિત અને સુરક્ષિત બનાવવા માટે વહીવટીતંત્રે બદ્રીનાથ ધામમાં ઘણી નવી વ્યવસ્થાઓ લાગુ કરી છે. મંદિર પરિસરમાં વીડિયો કોલિંગ અને ફોટોગ્રાફી પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જો તેનું ઉલ્લંઘન કરવામાં આવશે તો ભક્તો પર ૫૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે.

સોમવારે જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. સંદીપ તિવારીએ પ્રવાસ વ્યવસ્થા અંગે બેઠક યોજી હતી અને તમામ સંબંધિત અધિકારીઓ અને હિતધારકો સાથે ચર્ચા કરી હતી. યાત્રાને વધુ સારી બનાવવા માટે બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠકમાં નિર્ણય

લેવામાં આવ્યો હતો કે ધામમાં ભક્તોને કાપડના ચપ્પલ અને જાડા મોજાં પહેરવાની સલાહ આપવામાં આવશે. આ માટે હોટલ માલિકોને કાપડના ચંપલ અને મોજાં આપવા સૂચના આપવામાં આવી છે. તેમજ મંદિર પરિસરની આસપાસ ચંપલના ઢગલાથી થતી અવ્યવસ્થાને રોકવા માટે સાકેત તિરાહા ખાતે શૂ સ્ટેન્ડ બનાવવામાં આવશે. પ્રસાદની દુકાનો પર પણ કંટ્રોલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવશે. BKTCના સીઈઓ વિજય થાપલિયાલે કહ્યું કે મંદિરની નજીક ભીડ ઓછી કરવા માટે માત્ર એવા લોકોને જ દુકાનો ખોલવાની મંજૂરી આપવામાં આવશે જેઓ છેલ્લા ૨૫-૩૦ વર્ષથી ત્યાં દુકાનો ચલાવી રહ્યા છે. આ સિવાય પરિવારમાંથી માત્ર એક વ્યક્તિને જ દુકાન ચલાવવાની મંજૂરી આપવામાં આવશે. જિલ્લા મેજિસ્ટ્રેટે નિર્દેશ આપ્યો છે કે આવા સ્થળોની ઓળખ કરવી જોઈએ જ્યાં દુકાનો સ્થાપવા પર સંપૂર્ણ પ્રતિબંધ હશે. મુસાફરોની અવરજવરને સરળ બનાવવા માટે પાંડુકેશ્વરમાં પોલીસ બેરિકેડિંગ વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. જિલ્લા મેજિસ્ટ્રેટે આદેશ આપ્યો હતો કે ચમોલીના સ્થાનિક લોકોની તપાસ ન કરવી જોઈએ અને પ્રવાસીઓને હોટલની ક્ષમતા મુજબ આગળ વધવાની મંજૂરી આપવી જોઈએ.

વડોદરાના વિવિધ વિસ્તારોમાં ૧૫ ટીમો દ્વારા ૧૭૦૦ શકમંદોની તપાસ

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

વડોદરા શહેર પોલીસ દ્વારા છેલ્લા ૭૨ કલાકથી બાંગ્લાદેશી તેમજ પાકિસ્તાની ઘુસણખોરો ને શોધવા જુદા જુદા વિસ્તારોમાં અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે દરમિયાન પોલીસે અત્યાર સુધીમાં તાંદલજા, આજવા રોડ, નવા યાર્ડ, સયાજીગંજ પરશુરામ ભઠ્ઠા, ફતેગંજ જેવા વિસ્તારોમાં ૧૭૦૦ લોકોને તપાસવામાં આવ્યા છે. વડોદરા પોલીસની જુદી જુદી ૧૫ ટીમો દ્વારા શંકાસ્પદ જણાતા લોકોને વેરિફિકેશન માટે નજીકના પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવે છે અને જેમની રાષ્ટ્રીયતા મળી આવે છે તેઓને જવા દેવામાં આવે છે. પોલીસ કમિશનરે કહ્યું છે કે, વડોદરામાં ૯ બાંગ્લાદેશી મળી આવ્યા છે. જેમની પાસે જુદા જુદા દસ્તાવેજો મળી આવ્યા છે. આ તમામ ડોક્યુમેન્ટ્સની તપાસ માટે અલાયદી ટીમો રચવામાં આવી છે. તેઓ વડોદરામાં ક્યારથી આવ્યા અને કયા રૂટ મારફતે આવ્યા છે.. તેમની સાથે બીજા કેટલા લોકો આવ્યા છે અને સગા સંબંધીઓ ક્યાં રહે છે તે તમામ માહિતી પોલીસ એકત્રિત કરશે.

૨૩ વર્ષીય શિક્ષિકાએ ૧૧ વર્ષના વિદ્યાર્થીને ભગાડ્યો

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

સુરતનાં પુણામાં શિક્ષિકા તરૂણને ભગાડી લઈ જતાં લોકોમાં કુતૂહલ જોવા મળ્યું છે. ૨૩ વર્ષની શિક્ષિકાએ ૧૧ વર્ષના બાળકને ભગાડી જતાં પુણા પોલીસમાં ગુનો નોંધાયો છે. સુરતનાં પુણામાં ૨૩ વર્ષીય ટ્યુશન શિક્ષિકાએ ૧૧ વર્ષના વિદ્યાર્થીનું અપહરણ કર્યું હોવાના અહેવાલ સામે આવ્યા છે. પુણા પોલીસે સમગ્ર ઘટનાની તપાસ કરી રહી છે. સુરત રેલ્વે સ્ટેશન પહોંચ્યા પછી શિક્ષિકાએ પોતાનો ફોન બંધ કરી દીધો હોવાથી અપહરણ કર્યાની શંકા ઉપજી છે. પોલીસે શિક્ષિકાને શોધવા માટે અલગ અલગ ટીમો બનાવી છે. બાળકના અપહરણના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. પોલીસની સાથે બંનેના પરિવારજનોએ પણ બાળક અને શિક્ષિકાની શોધખોળ શરૂ કરી દીધી છે.સુરત રેલ્વે સ્ટેશન પહોંચ્યા પછી શિક્ષિકાએ પોતાનો ફોન બંધ કરી દીધો હતો. પુણામાં એક જ વિસ્તારમાં રહેતા બે પરિવારો પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. DCP આલોક કુમારે જણાવ્યું હતું કે મામલો ગંભીર હોવાથી પુણે પોલીસની બે ટીમો અને કાપોદ્રાની એક ટીમ અલગ અલગ દિશામાં તપાસ કરી રહી છે. પોલીસને માહિતી મળી છે કે શિક્ષિકાએ બૂક માય ટ્રીપ દ્વારા ટૂર બુક કરાવી હતી. શિક્ષિકાએ તેના ઘરેથી કપડાં ભરેલી બેગ લીધી હતી, પણ બાળક પાસે કોઈ સામાન નહોતો. એક દિવસ પહેલા શિક્ષકને બેગ લઈને જતા જોવામાં આવ્યા હતા. બીજા દિવસે તે બાળકને પણ લઈ ગઈ હતી. ૧૧ વર્ષનો તરૂણ ૨૫મી તારીખે બપોરે ઘરની બહાર રમી રહ્યો હતો, જ્યાંથી તે ગુમ થઈ ગયો.

પાકિસ્તાની હિન્દુ પરિવારો સ્પષ્ટપણે પાકિસ્તાન પાછા ફરવાનો ઇનકાર કરી રહ્યા છે

ઘૂસણખોરોને વતન પાછા જવું નથી, ભલે અમને ગોળી મારી દો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

પહેલગામ હુમલા બાદ રાજ્ય સરકાર દ્વારા ઘૂસણખોરો પર કરવામાં આવેલી કાર્યવાહી બાદ મહેસાણામાં ઘૂસણખોરો પાછા તેમના વતન જવા માંગતા નથી. તેઓ સરકારને વિનંતી કરે છે કે, 'અમે સરકારને વિનંતી કરીએ છીએ કે ભલે તેઓ અમને ગોળી મારી દે, અમે પાકિસ્તાન પાછા નહીં જઈએ.' ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યા પછી અમે અહીં ખૂબ જ મુશ્કેલીથી આવ્યા છીએ અને મજૂરી કરીને અમે અહીં ટકી રહેવા માટે ભાગ્યે જ સક્ષમ છીએ.'

ભારતના અલ્ટીમેટમ પછી, અહીં રહેતા પાકિસ્તાની હિન્દુ પરિવારો સ્પષ્ટપણે પાકિસ્તાન પાછા ફરવાનો ઇનકાર કરી રહ્યા છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, ભારત સરકારે પાકિસ્તાનીઓને દેશ છોડી દેવાનું અલ્ટીમેટમ આપ્યું હતું, જેના કારણે ઘણા લોકો ભારત છોડીને પાકિસ્તાન પાછા ફર્યા. જોકે, ઘણા લોકો ભારત સરકારને અપીલ કરી રહ્યા છે કે તેમને પાકિસ્તાન ન મોકલવામાં આવે. આઝાદી પછી, પાકિસ્તાનના નાગરપારકર, થરપારકર અને સિંધમાં સ્થાયી થયેલા ગુજરાતના ઠાકોર પરિવારો પર સતત અત્યાચારોને કારણે, હિન્દુ અને મુસ્લિમ એમ કુલ ૧૦૫૧ લોકોએ લાંબા ગાળાના અને ટૂંકા ગાળાના વિઝા પર મહેસાણામાં આશ્રય લીધો છે.

જેમાંથી ૨૪૯ લોકો ગયા મહિને પાકિસ્તાનથી અહીં આવ્યા હતા. જોકે, હવે ભારત દ્વારા આપવામાં આવેલા અલ્ટીમેટમ પછી, આ લોકો પાકિસ્તાન પાછા જવાનો ઇનકાર કરી રહ્યા છે. શીતલ ઠાકોર કહે છે, હું ૨૦૧૮ માં મારા પરિવાર સાથે અહીં આવી હતી. પાકિસ્તાનમાં ઘણી મુશ્કેલી હતી. છોકરાઓ ભણી શક્યા નહીં; ઘણી સમસ્યાઓ હતી. અમે પાકિસ્તાની હિન્દુ શરણાર્થીઓ છીએ જેમણે ઘણું સહન કર્યું છે.

અમે સરકારને વિનંતી કરી રહ્યા છીએ કે અમને પાછા ન મોકલવામાં આવે, અમે જવા માંગતા નથી. તમે અમને ગોળી મારી શકો છો, પણ અમે હવે પાકિસ્તાન જવા માંગતા નથી. અમે અહીં ઈંટ અને પથ્થરના ઉદ્યોગોમાં અને ખેતીમાં કામ કરીને અમારા બાળકોનું

જમીઅહ દારૂલ અહેસાન મદ્રેસા વર્ષ ૨૦૧૩થી કાર્યરત છે

પ્રાંતિજની મદ્રેસામાંથી મોડી રાત્રે આઠ બાળકો ભાગ્યાં, હિંમતનગરથી ઝડપાયાં

। (માહિતી) હિંમતનગર, તા.૨૯ ।

પ્રાંતિજની મદ્રેસામાં અભ્યાસ કરતા પરપ્રાંતિય બાળકો પર ત્રાસ ગુજારવામાં આવતો હોવાના કારણે આઠ બાળકો રવિવારે મોડી રાત્રે મદ્રેસાનું તાળુ તોડી ઉદેપુર જતી ટ્રેનમાં બેસી હિંમતનગર પહોંચી ગયા હતા. જ્યાં હિંમતનગરની રેલવે પોલીસે ગભરાયેલા બાળકોને જોઈને પૂછપરછ કરતા મામલો સામે આવ્યો હતો. પ્રાંતિજના સિનેમા રોડ પર આવેલા જમીઅહ દારૂલ અહેસાન મદ્રેસામાં બિહારના અરેડીયા ગામમાંથી આઠથી વધુ બાળકો ભણવા માટે લવાયા હતા. અહી સંચાલકો અને શિક્ષકો દ્વારા ધાક-ધમકી આપી માર મરાતો હોવાથી ગભરાયેલા બાળકો છાત્રાલયમાંથી રાત્રે ભાગીને રેલવે સ્ટેશન પર આવી ગયા હતા. પરંતુ ટ્રેન ન હોવાથી બાળકો ટ્રેક પર ચાલતા ચાલતા તલોદના ખારી અમરાપુર રેલવે સ્ટેશને પહોંચી ગયા હતા. ત્યારબાદ સુપર ફાસ્ટ ટ્રેનમાં બેસી હિંમતનગર રેલવે સ્ટેશન આવ્યા હતા જ્યાં રેલવે પોલીસે આઠ બાળકોને ગભરાયેલી હાલતમાં જોઈ ટ્રેનમાંથી નીચે ઉતારી દીધા હતા.આ સમયે મદ્રેસામાંથી બાળકોને શોધવા આવેલા ચાર જણાએ બાળકોને સાથે જઈ ઉગ્ર સ્વરૂપે ચર્ચા કરતાં પોલીસે બાળકોને રેલવે પોલીસની ચોકીમાં લઈ જઈ પૂછપરછ કરી હતી. આ આઠ બાળકો અંદાજે ૧૧થી ૧૩ વર્ષના છે. બાળકોને હિંમતનગર સિવિલમાં લઈ જવાયા હતા. જ્યાં એક બાળકના શરીર પર વધુ ઈજા થઈ હોવાથી સારવાર માટે દાખલ કરાયો હતો.જમીઅહ દારૂલ અહેસાન મદ્રેસા વર્ષ ૨૦૧૩થી કાર્યરત છે. જોકે પોલીસને પૂછપરછ દરમિયાન સંસ્થામાં નિયમ મુજબ કોઈ રજિસ્ટર કે અન્ય કોઈ વિગતો ન હોવાનું પોલીસ સમક્ષ મદ્રેસાના આચાર્યએ જણાવ્યુ હોવાનું માલૂમ પડ્યુ છે.

વ્યાજખોરોનો ત્રાસ યથાવત

ઓનલાઇન ગેમિંગના રવાડે ચડેલો યુવક વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

શહેરનો એક યુવક કોલેજકાળ દરમિયાન ઓનલાઈન ગેમિંગના રવાડે ચડ્યો હતો. ઓનલાઈન ગેમિંગની લત લાગી જતા તેણે વ્યાજખોરો પાસેથી નાણાં લેવાનું શરૂ કર્યું હતું. તેથી તે વ્યાજખોરોની ચુંગાલમાં ફસાઈ ગયો હતો. વ્યાજખોરોએ યુવકનો પાસપોર્ટ અને પિતાનું લેપટોપ પણ મેળવી લીધું હતું. વ્યાજખોરોએ ૧૫ લાખની સામે ૩૧ લાખ લઈને વધુ રૂપિયાની માગણી કરતા યુવક તણાવમાં રહેતો હતો. આરોપીઓની ધમકીથી કંટાળેલા યુવકે આખરે ફરિયાદ નોંધાવતા ચાંદખેડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ચાંદખેડામાં રહેતો ૨૩ વર્ષીય સિદ્ધાર્થ (નામ બદલેલ છે) એક યુનિવર્સિટીમાં એમએસસી આઈટીમાં અભ્યાસ કરે છે. તેના પિતા બેંક મેનેજર છે. વર્ષ ૨૦૨૧માં તે સોલાની એક કોલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારે મિત્રોના રવાડે ચડ્યો હતો અને ગેમિંગ એપ્લિકેશનમાં નાણાં નાખીને જુગાર રમવાનું શીખ્યો હતો. ઓનલાઈન ગેમિંગના



જુગારની લત લાગી જતા તેણે તેના દાદા પાસેથી ઉછીના નાણાં લીધા હતા. આ નાણાં પરત ચૂકવવા માટે હાડગડા ભોલા ઉર્ફે સતીષ ભરવાડ પાસેથી વ્યાજે નાણાં લીધા હતા. સતીષે અન્ય વ્યાજખોર ઉમંગ દેસાઈ પાસેથી ૧૦ ટકા વ્યાજે નાણાં અપાવ્યા હતા. સિદ્ધાર્થે તે નાણાં દાદાને પરત આપીને બાકીના ગેમિંગમાં વાપર્યા હતા. બાદમાં ઉમંગને ચૂકવવા માટે ફરી સતીષ ભરવાડ પાસેથી ૧૦ ટકા વ્યાજે નાણાં લીધા હતા. થોડા સમય બાદ સિદ્ધાર્થના પિતાને જાણ થતાં તેમણે વ્યાજખોરોને મળીને હિસાબ પૂરો કરીને ફરી નાણાં ન આપવા કહ્યું હતું. જે બાદ પણ સિદ્ધાર્થે વ્યાજે નાણાં લેવાનું ચાલુ રાખ્યું હતું. તેણે ૧૫ ટકા વ્યાજે અંશુ પાસેથી લાખો રૂપિયા લીધા હતા. જ્યારે સટ્ટો રમનાર જીગા દેસાઈ પાસે હારી જતા પાસપોર્ટ આપી દેવો પડ્યો હતો. રાજુ દેસાઈએ વ્યાજે નાણાં આપીને સિદ્ધાર્થ પાસેથી તેના પિતાનું લેપટોપ લઈ લીધું હતું. આ તમામ લોકોને ચુકવવા માટે સિદ્ધાર્થે વ્યાજે ક્રિપાલસિંહ વાઘેલા, ઋતુરાજસિંહ પરમાર, સૂર્યરાજસિંહ ચૌહાણ પાસેથી નાણાં લીધા હતા. જે લોકો પણ મેસેજો કરીને ધમકી આપતા હતા. આમ, સિદ્ધાર્થે ૧૫ લાખની સામે ૩૧ લાખ ચુકવ્યા હોવા છતાંય વ્યાજખોરોએ ધમકી આપતા તેણે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હાડગડા ભોલા ઉર્ફે સતીષ ભરવાડ, ઉમંગ દેસાઈ, રમેશ દેસાઈ, અંશુ વ્યાસ, જીગા દેસાઈ, રાજુ દેસાઈ, ક્રિપાલસિંહ વાઘેલા, ઋતુરાજસિંહ પરમાર, સૂર્યરાજસિંહ ચૌહાણ અને ઓમપ્રકાશ યાદવ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વાંકાનેરમાં કાર પર પેલેસ્ટાઈનના ઝંડા લગાવી દેખાવો, ત્રણ સામે ગુનો

। (એજન્સી) મોરબી, તા.૨૯ ।

કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાને પગલે દેશભરમાં રોષની લાગણી ફેલાયેલી છે, ત્યારે વાંકાનેરમાં કેટલાક લોકો દ્વારા કાર પર પેલેસ્ટાઈનના ઝંડા લગાવી દેખાવો કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. આ ઘટનાને પગલે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી ત્રણ લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.મોરબીના વાંકાનેર શહેરમાં ગત ૨૬ એપ્રિલની રાત્રે જકાતનાકા તરફના રસ્તા પર ત્રણ કારચાલકોએ વિવાદાસ્પદ કૃત્ય કર્યું હતું. આ ત્રણ કારમાંથી એક સ્વિફ્ટ કાર પર પેલેસ્ટાઈનનો રાષ્ટ્રધ્વજ અને અન્ય બે કાર પર લીલા રંગના ઝંડા લગાવેલા જોવા મળ્યા હતા. આ ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થતાં પોલીસને જાણ થઈ હતી. વિડિયોમાં સ્પષ્ટ દેખાતી કારોમાં મહિન્દ્રા થાર અને સ્વિફ્ટ સહિત એક નંબર પ્લેટ વગરની કારનો સમાવેશ થાય છે.જમ્મુના પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા પછી સમગ્ર દેશમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

ભરઉનાળામાં મોરબી જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા સપાટી પર આવી

। (એજન્સી) મોરબી, તા.૨૯ ।

મોરબી જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા સપાટી પર આવી છે અને પાણીની સમસ્યા દૂર કરવા અગાઉ સરપંચોએ વિડિયો વાયરલ કરી પાણીની માંગ કરી છે અને ભુતિયા કનેક્શન દૂર કરવા પાણી પુરવઠા વિભાગને રજૂઆત કરી છે. માળિયા મીયાણા તાલુકાના નાના ભેલા, ચમનપર, ભાવપર, બગસરા, વવાણીયા સહિતના ૮ ગામમાં પીવાના પાણીની તંગી ગંભીર પ્રશ્ન બનીને ઊભો છે છેલ્લા દોઢ વર્ષથી ગામમાં ઉનાળા દરમિયાન પીવાના પાણીના ફાંફા પડી રહ્યા છે. નાના ભેલા સંપમાંથી આ ગામના લોકોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે જોકે પાણીની પૂરતા પ્રેસરથી તેમજ જરૂરિયાત મુજબ ન મળતું હોવાથી સ્થિતિ ગંભીર બની છે. માળિયાના મોટાભાગના ગામોમાં પાણી મળતું ન હોવાથી ગામ લોકો સરપંચો સમક્ષ પાસે પાણીની માગણી કરી રહ્યા છે. અમે ગામ લોકોને જવાબ નથી આપી શકતા જેથી ન છુટકે અમારે રાજીનામું આપવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે જો તંત્ર આગામી ૪ દિવસમાં આ સમસ્યાના ઉકેલ માટે પગલા નહી ભરે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમજ આગામી મહિનાઓ બાદ આવનારી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પણ મતદાનનો બહિષ્કાર કરવાની પણ ચીમકી ગ્રામના લોકો દ્વારા આપવામાં આવી છે. પાણીનાં મુદે ગામના સરપંચ દ્વારા સ્થાનિક પાણી પુરવઠા વિભાગ કચેરી તેમજ જિલ્લા કલેકટર અને ખુદ પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાને જાણ કરી તેમના વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા મુદે અવગત કરવામાં આવ્યા હોવા છતાં હજુ કોઈ ઉકેલ આવ્યો નથી. અગાઉ પાણી પુરવઠા અધિકારી હતાં વાય એમ વાંકાણી તેઓએ આશ્વાસન આપ્યું હતું કે નવી ગ્રાન્ટ આવશે તેમાંથી આયોજન કરીશું તેવું આશ્વાસન આપવામાં આવ્યું હતું. હવે લગભગ ૧૭ કરોડની ગ્રાન્ટ આવી હોવાના સરકાર દ્વારા દાવા કરવામાં આવી રહ્યા છે. પાણીની સમસ્યાથી છુટકારાની માંગણી સ્વીકારવામાં નહીં આવે તો ગામ લોકો જરૂર પડે રેલી સ્વરૂપે મોરબી કરવા તેવી પણ ચીમકી સરપંચોએ ઉતરી છે પાણીની સમસ્યાને લઈને મોટાભેલા ગામના વનિતાબેને જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષથી તેમના ગામમાં પીવાના પાણીનો પ્રશ્ન છે.

જૂનાગઢમાં એમ.જી.રોડ ખાતે કપડાનો વેપારી ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યો

। (એજન્સી) જુનાગઢ, તા.૨૯ ।

જો તમે પણ ઓનલાઈન ટ્રાન્જેક્શન કરતા પહેલા ચેતી જજો, તમારી સાથે પણ છેતરપિંડી થઈ શકે છે. તમારા ખાતામાં પૈસા જમા થાય ત્યારબાદ જ ડીલેવરી આપવી નહીં તો પૈસા અને વસ્તુ બંને વસ્તુઓ ગુમાવવાનો વારો આવશે. જૂનાગઢમાં એમ.જી.રોડ ઉપર કપડાની દુકાન ધરાવતા એક વેપારીને સાઈબર છેતરપિંડીનો અનુભવ થયો છે.

વેપારીને ત્યાં અમદાવાદથી આવેલા એકદમ પતિએ રૂપિયા ૧૦,૭૦૦ના કપડા ખરીદ્યા હતા અને વેપારી પાસેથી રૂપિયા ૩,૦૦૦ રોકડા લીધા હતા અને ઓનલાઈન ટ્રાન્જેક્શન કર્યું હતું. ગઈ તારીખ ૨૩મી રાત્રે આ દંપત્તિએ હની નાઈટવેર કપડાની દુકાનમાંથી કપડાની ખરીદી કરી અને વેપારીને પેટીએમ મારફતે રૂપિયા ૧૩,૭૦૦નું પેમેન્ટ કરી દેવામાં આવ્યું છે, તેમ જણાવી અને સક્સેસફૂલી પેમેન્ટનો મેસેજ બતાવ્યો હતો. પરંતુ ફરિયાદી હેમંતભાઈના ખાતામાં રૂપિયા જમા ન થતા તેમને પોલીસ ફરિયાદ કરી હતી. જુનાગઢ એ ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા આ બંને દંપત્તિની શોધખોળ હાથ ધરી હતી. વેપારીની ફરિયાદના આધારે જુનાગઢ પોલીસે એક મહિલા સહિત ૩ શખ્સોની ધરપકડ કરી છે.

સુરતના રાધિકાબેન પઢીયાર, દેવાંગ પઢીયાર અને ભાવેશ ચાંદેલા નામના શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. ફોન પે નામની ડુપ્લીકેટ એપ્લિકેશન બનાવી લોકો સાથે છેતરપિંડી કરતા હતા. જેમાં ઊઈ કોડ સ્કેન કરતાની સાથે જ સામેના વેપારીની તમામ બેંક ડીટેલ્સ તેમાં આવી જાય છે અને ત્યારબાદ ઓનલાઈન ટ્રાન્જેક્શન સક્સેસફૂલ થઈ ગયું છે, તેમ ખોટો મેસેજ બતાવી છેતરપિંડી કરતા હતા. મેંદરડા સાસણ રોડ ઉપર આવી રીતે તેઓએ ચાર બોક્સ કેરીના ખરીદ્યા હોવાનું પણ પોલીસને જાણવા મળ્યું છે.

હાલ તો પોલીસે આ ત્રણેય શખ્સોની ધરપકડ કરીને વધુ પૂછપરછ માટે રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજૂ કરશે અને આ ત્રિપુટીનો અન્ય કોઈ વ્યક્તિ ભોગ બન્યું છે કે કેમ તે અંગે પણ લોકોને સામે આવી ફરિયાદ કરવા અપીલ કરવામાં આવી છે.

દરિયામાં ૧૦૦ કિ.મી દૂર માછીમારની તબિયત લથડી

। (એજન્સી) અમરેલી, તા.૨૯ ।

તાજેતરમાં અમરેલી જિલ્લાના જાફરાબાદના દરિયામાં માછીમારી કરતા એક માછીમારની તબિયત લથડતાં તેને ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા રેસ્ક્યૂ કરીને તેને બચાવી લીધો હતો. હવે પીપાવાવના દરિયામાં ૧૦૦ કિ.મી દૂર એક માછીમારની તબિયત લથડતાં કોસ્ટગાર્ડ દ્વારા તેનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. તેને બોટમાં જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યાર બાદ તેની હાલત સ્થિર થઈ હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે પીપાવાવના દરિયામાં ૧૦૦ કિ.મી દૂર સંસ્કૃતિ સાગર નામની બોટમાં એક માછીમારની તબિયત લથડી હતી. ત્યાર બાદ મેરિટાઈમ રેસ્ક્યૂ સબ સેન્ટર પીપાવાવનો સંપર્ક કરવામાં આવ્યો હતો. કોસ્ટગાર્ડનું જહાજ સી-૪૧૯ તુરંત ઘટનાસ્થળે પહોંચ્યું હતું અને માછીમારનું રેસ્ક્યૂ કર્યું હતું.ત્યાર બાદ તેને પીપાવાવ પોર્ટ પર લાવવામાં આવ્યો હતો. આ પહેલા બોટમાં જ તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા માછીમારને સલામત રીતે રેસ્ક્યૂ કરીને વધુ તબીબી સારવાર માટે સોંપવામાં આવ્યો હતો. હવે તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે, ચાર દિવસ પહેલા અમરેલીના જાફરા બાદના દરિયામાં ૯૦ કિલોમીટર દૂર માછીમારી કરી રહેલા માછીમારને અચાનક છાતીમાં તીવ્ર દુખાવો શરૂ થયો હતો. ત્યાર બાદ કોસ્ટગાર્ડનું જહાજ ઘટના સ્થળે પહોંચ્યું હતું અને માછીમારને બોટમાં જ પ્રાથમિક સારવાર અપાઈ હતી. ત્યાર બાદ વધુ સારવાર માટે તેમને પીપાવાવ પોર્ટ પર લાવવામાં આવ્યો હતો.

બોરસદ ખાતે કુપોષણનો દર ઘટાડવા માટે બે દિવસીય તાલીમ યોજાઈ

। આણંદ ।

આણંદ જિલ્લામાં કુપોષણનો દર ઘટાડવા માટે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતીના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર શ્રી તેજલબેન શાહ દ્વારા તાલુકા મથક અને ઘટક દીઠ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત અતિ ગંભીર કુપોષિત બાળકોનું સમુદાય આધારીત વ્યવસ્થાપન કાર્યક્રમ માટે ભારત સરકાર ધ્વારા બહાર પાડવામાં આવેલ પ્રોટોકોલ કોમ્યુનિટી મેનેજમેન્ટ ઓફ એકયુટ માલન્યુટ્રીશન અને અર્લી ગ્રોથ ફિલ્ટરિંગના આધારે સ્ટેટ સ્પેસિફિક માર્ગદર્શિકા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિકારીઓ તથા યુનિસેફના તજજ્ઞોને સાથે રાખી મહિલા અને બાળ વિકાસ વિભાગ ધ્વારા તૈયાર કરવામાં આવી છે. બોરસદના આઈ. સી.ડી.એસ.શાખા, ઘટક-૨ તથા ઘટક-૩ ના બાળ વિકાસ યોજના અધિકારી, માલતીબેન પઢિયાર ધ્વારા આર.એચ.પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, શ્રધ્ધા હોસ્પિટલ, બોરસદ, વઘવાલા બી. આર. સી. ભવન તથા શ્રી વિદ્યામંદિર હાઈસ્કુલ, બોદાલ ખાતે અલગ અલગ ૨૨ જેટલી બેચનું આયોજન કરી ‘‘પોષણ સંગમ’’ વિષયના અનુસંધાને કોમ્યુનિટી આઉટરીચ, ૦ થી ૬ માસના બાળકોમાં અર્લી ગ્રોથ ફોલ્ટરીંગની ઓળખ તેમજ સારવાર, તબીબી જટિલતા ન ધરાવતા અતિ ગંભીર કુપોષિત ૦ થી ૬ વર્ષના બાળકોની યોગ્ય કાળજી, સારવાર અને તબીબી જટિલતા ધરાવતા બાળકોના રેફરલ, ફોલોઅપ, વાલીઓ તથા ગ્રામજનોમાં કુપોષણ ઘટાડવા જાગૃતિ અંગે તેમજ "પોષણ સેતુ" કાર્યક્રમ અંગે વિસ્તારપૂર્વક સમજ આપવામાં આવી હતી.

આ તાલીમના આયોજન દ્વારા આંગણવાડી કાર્યકર, આશા વર્કર, આશા ફેસીલેટર, ફીમેલ હેલ્થ વર્કર તથા કોમ્યુનીટી હેલ્થ ઓફિસરને માસ્ટર ટ્રેનર ધ્વારા બે દિવસની વિશેષ તાલીમ આપવામાં આવી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

ભટ્ટ દ્વારા સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરવામાં આવેલી અપીલની પ્રાથમિકતાના આધારે સુનાવણી કરવામાં આવશે

પૂર્વ IPS સંજીવ ભટ્ટની ૧૯૯૦ કસ્ટોડિયલ ડેથ કેસમાં આજીવન કેદની સજા સ્થગિત કરવાની માંગ SCએ ફગાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

સુપ્રીમ કોર્ટે મંગળવારે ભૂતપૂર્વ ભારતીય પોલીસ સેવા અધિકારી સંજીવ ભટ્ટની ૧૯૯૦ના કસ્ટોડિયલ ડેથ કેસમાં તેમની આજીવન કેદની સજાને સ્થગિત કરવાની માગણી કરતી અરજીને ફગાવી દીધી હતી. તેણે આ કેસમાં જામીન પણ માંગ્યા હતા, જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધા હતા. ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે કહ્યું કે તે સજાને સ્થગિત કરવા અને સંજીવ ભટ્ટને જામીન પર મુક્ત કરવાના પક્ષમાં નથી. જો કે, ખંડપીઠે નિર્દેશ આપ્યો હતો કે ભટ્ટ દ્વારા સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરવામાં આવેલી અપીલની પ્રાથમિકતાના આધારે સુનાવણી કરવામાં આવશે. આ કેસ ૧૯૯૦ માં બનેલી એક ઘટના સાથે સંબંધિત છે જ્યારે સંજીવ ભટ્ટ જામનગર જિલ્લામાં અધિક પોલીસ અધિક્ષક તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા. ત્યાં સાંપ્રદાયિક રમખાણો ફાટી નીકળ્યા પછી તેઓએ આતંકવાદી અને વિક્ષેપકારક પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (ટાડા) હેઠળ લગભગ ૧૩૩ લોકોની અટકાયત કરી હતી. તે વર્ષે ૩૦ ઓક્ટોબરે ભારતીય જનતા પાર્ટી અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા તત્કાલિન ભાજપના વડા લાલ કૃષ્ણ અડવાણીની ધરપકડના વિરોધમાં ભારત બંધના એલાનને પગલે રમખાણો થયા હતા. બિહારમાં જ્યારે તેમની ધરપકડ કરવામાં આવી ત્યારે અડવાણીએ રામ મંદિર મુદ્દે ગુજરાતના સોમનાથથી અયોધ્યા

સુધી રથયાત્રા કાઢી હતી. અટકાયતમાંના એક પ્રભુદાસ વૈષ્ણાનીનું કસ્ટડીમાંથી છૂટ્યા બાદ મૃત્યુ થયું હતું. તેમના પરિવારનો આરોપ છે કે વૈષ્ણાનીને સંજીવ ભટ્ટ અને તેમના સહયોગીઓ દ્વારા કસ્ટડીમાં ત્રાસ આપવામાં આવ્યો હતો, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું. પ્રભુદાસ વૈષ્ણાની ૯ દિવસ પોલીસ કસ્ટડીમાં હતા અને જામીન પર છૂટ્યા બાદ કિડની ફેલ થવાથી તેમનું મૃત્યુ થયું હતું. તેમના પરિવારે સંજીવ ભટ્ટ અને અન્ય અધિકારીઓ વિરુદ્ધ કસ્ટોડિયલ યાતનાને કારણે વૈષ્ણાનીના મૃત્યુ માટે FIR દાખલ કરી હતી અને ૧૯૯૫માં મેજિસ્ટ્રેટ દ્વારા તેની નોંધ લેવામાં આવી હતી. આ કેસમાં બે સબ ઈન્સ્પેક્ટર અને ત્રણ પોલીસ કોન્સ્ટેબલ સહિત કુલ સાત પોલીસ અધિકારીઓ આરોપી હતા. જામનગરની સેશન્સ કોર્ટે પ્રભુદાસ વૈષ્ણાનીના કસ્ટોડિયલ ડેથ કેસમાં સંજીવ ભટ્ટ અને અન્ય એક પોલીસકર્મીને દોષિત ઠેરવ્યા હતા અને તેમને આજીવન કેદની સજા ફટકારી હતી. પૂર્વ IPSએ સેશન્સ કોર્ટના નિર્ણયને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ૨૦૨૪ માં, ગુજરાત હાઈકોર્ટે ભટ્ટની તેમની દોષિત ઠરાવ અને સજા સામેની અપીલને ફગાવી દીધી હતી. ત્યારબાદ તેણે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો, જેણે ઓગસ્ટ ૨૦૨૪માં આ મામલે ગુજરાત સરકારને નોટિસ પાઠવી હતી. કોર્ટે સજા સસ્પેન્ડ કરવાના પાસાને સાંભળ્યો અને પછી તેનો નિર્ણય અનામત રાખ્યો હતો. સંજીવ ભટ્ટ અન્ય બે કેસમાં પણ આરોપી છે - ૧૯૯૬નો ડ્રગ પ્લાન્ટિંગ કેસ અને ૧૯૯૭નો કસ્ટોડિયલ ડેથ કેસ. ૧૯૯૬ ના ડ્રગ પ્લાન્ટિંગ કેસમાં સેશન્સ કોર્ટે તેને દોષિત ઠેરવ્યો હતો અને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. તેની સામેની તેમની અપીલ ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

ન્યૂઝ બ્રિફ

૧૦૦-૨૦૦ની નોટની ઉપલબ્ધતા વધારવી જરૂરી RBIએ બેન્કોને આપ્યા કડક નિર્દેશ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૯ ।

બેંક એટીએમમાંથી પૈસા ઉપાડતી વખતે મોટાભાગે રૂ. ૫૦૦ની જ નોટ નીકળે છે. ૧૦૦-૨૦૦ની નોટ ભાગ્યે જ જોવા મળતી હોય છે. પરંતુ હવે આમ નહીં થાય. આરબીઆઈએ મહત્ત્વનો નિર્ણય લેતાં તમામ બેંકોને નિર્દેશ આપવામાં આવ્યા છે કે, એટીએમમાંથી રૂ.૧૦૦ અને રૂ.૨૦૦ની નોટ પણ નીકળે. આરબીઆઈએ સોમવારે બેંકોને નિર્દેશ આપ્યા હતાં કે, સામાન્ય લોકો માટે નાની રકમની નોટની ઉપલબ્ધતા વધારવા માટે આ પગલું લેવું જરૂરી છે. બેંકોએ એટીએમમાંથી આ મૂલ્યના કરન્સી નોટ પર્યાપ્ત પ્રમાણમાં મળી રહે તેની ખાતરી કરવી. બેંકો અને વ્હાઈટ લેબલ એટીએમ ઓપરેટર્સે આ નિર્દેશને તબક્કાવાર લાગુ કરવા કહ્યું છે. ઉલ્લેખનીય છે કે, વ્હાઈટ લેબલ એટીએમ સરકારી અને પ્રાઈવેટ બેંકોના એટીએમની જેમ કામ કરે છે. તેને ખાનગી અને નોન બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ ઈન્સ્ટોલ કરે છે. તેમાં વિવિધ બેંકોના ડેબિટ કાર્ડ અને ક્રેડિટ કાર્ડ મારફત રોકડ ઉપાડ, બેલેન્સ ચેક સહિતની તમામ સુવિધાઓ મળે છે. આરબીઆઈએ સર્કયુલરમાં જણાવ્યુ છે કે, મોટાભાગે એટીએમમાંથી રોકડ ઉપાડતી વખતે રૂ. ૫૦૦ના મૂલ્યની નોટ જ નીકળે છે. આથી નાના અને સામાન્ય નાગરિકોના હિતોને ધ્યાનમાં રાખતાં તમામ બેંકો અને વ્હાઈટ લેબલ એટીએમ ઓપરેટર્સને ખાતરી કરવા આદેશ છે કે, તેમના એટીએમમાંથી નિયમિત ધોરણે રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ની નોટ નીકળે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી તમામ એટીએમમાંથી ૭૫ ટકા એટીએમમાંથી ઓછામાં ઓછા એક કેસેટમાં રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ની નોટ નીકળવી જોઈએ. ત્યારબાદ આગામી તબક્કામાં ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ૯૦ ટકા એટીએમમાંથી ઓછામાં ઓછા એક કેસેટમાંથી રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ના મૂલ્યની નોટ નીકળવી જોઈએ.આરબીઆઈએ અગાઉ જારી કરેલા સર્કયુલરમાં ૧ મે, ૨૦૨૫થી એટીએમમાંથી રોકડ ઉપાડના નિયમો પણ બદલ્યા છે.

ટ્રૂડોની ખુરશી જતાં જ ખાલિસ્તાન સમર્થક જગમીત સિંહને ઝટકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (NDP) ના નેતા જગમીત સિંહ બર્નાબી સેન્ટ્રલ બેઠક પરથી ચૂંટણી હારી ગયા છે. તેમણે પોતાની હાર સ્વીકારી લીધી છે અને NDP નેતા પદેથી રાજીનામું પણ આપી દીધું છે. તેમની NDP પાર્ટી ૭ બેઠકો પર આગળ છે. આ ચૂંટણીમાં NDPના સમર્થન આધાર ગુમાવવાને કારણે પાર્ટીએ રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો પણ ગુમાવ્યો છે. સતત આઠ વર્ષ સુધી NDPના વડા રહેલા જગમીતે હાર સ્વીકારતા કહ્યું કે, 'હું નિરાશ છું કે આપણે વધુ બેઠકો જીતી ન શક્યા. પણ હું અમારી પ્રવૃત્તિઓને લઈને નિરાશ નથી. હું અમારા પક્ષ વિશે આશાવાદી છું. હું જાણું છું કે, અમે હંમેશા ડર કરતાં આશાને પસંદ કરીશું. તેમણે કહ્યું કે, પરંતુ અમને માત્ર ત્યારે જ હરાવી શકાશે કે, જ્યારે અમે એવા લોકો પર વિશ્વાસ કરીશું જેઓ કહે છે કે આપણે ક્યારેય સારા કેનેડાનું સ્વપ્ન નહીં જોઈ શકીએ. હું હંમેશા સંઘર્ષ કરતાં આશા પસંદ કરું છું. એનડીપીએ ૩૪૩ બેઠકો પર ચૂંટણી લડી હતી. પાર્ટીએ છેલ્લી ચૂંટણીમાં ૨૪ બેઠકો જીતી હતી.

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાથી દરેક ભારતીય ગુસ્સે છે

કોંગ્રેસ પાર્ટીએ પીએમ મોદીને પત્ર લખી સંસદનું વિશેષ સત્ર બોલાવવાની માગ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલાના કારણે આખા દેશમાં ગુસ્સાનો માહોલ છે. આતંક વિરુદ્ધ તમામ લોકો અને રાજકીય પાર્ટી એક સાથે છે અને આતંકીઓ અને તેમના આકા પાકિસ્તાન વિરુદ્ધ આકરી કાર્યવાહી કરવાની માગ કરી રહ્યા છે. આ દરમ્યાન હવે કોંગ્રેસ પાર્ટીએ માગ કરી છે કે પહલગામ હુમલાને લઈને સંસદનું વિશેષ સત્ર બોલાવવામાં આવે. કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જૂન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને વિશેષ સત્ર બોલાવવાની માગ કરી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પીએમ મોદીને ઉદ્દેશીને લખ્યું છે કે આ સમયે જ્યારે એકતા અને એકજૂટતા જરુરી

છે, વિપક્ષનું માનવું છે કે, ટૂંક સમયમાં જ સંસદના બંને સદનોના વિશેષ સત્ર બોલાવામાં આવે. આ ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ પહલગામમાં નિર્દોષ નાગરિકો પર થયેલા ક્રૂર આતંકવાદી હુમલાના હલ માટે આપણો સામૂહિક સંકલ્પ અને ઈચ્છાશક્તિની એક દ્રઢ અભિવ્યક્તિ હશે. તેમણે કહ્યું કે, અમને આશા છે કે સત્ર બોલાવવામાં આવશે. પીએમ મોદીને લખેલા પત્રમાં રાહુલ ગાંધીએ કહ્યું, ''પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાથી દરેક ભારતીય ગુસ્સે છે. આ મહત્વપૂર્ણ સમયે, ભારતે બતાવવું જોઈએ કે આપણે હંમેશા આતંકવાદ સામે સાથે રહીશું. વિપક્ષ માને છે કે સંસદના બંને ગૃહોનું એક ખાસ સત્ર બોલાવવું જોઈએ, જ્યાં લોકોના પ્રતિનિધિઓ તેમની એકતા અને દૃઢ નિશ્ચય બતાવી શકે.'' કોંગ્રેસ નેતાએ કહ્યું, ''અમારી વિનંતી છે કે ખાસ સત્ર શક્ય તેટલું જલ્દી બોલાવવામાં આવે.'' અગાઉ રાષ્ટ્રીય જનતા દળ, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી અને કપિલ સિબ્બલ જેવા નેતાઓએ પણ પહેલગામ હુમલા અંગે સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગ કરી હતી. અહીં ઉલ્લેખનિય છે કે, ૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. હુમલામાં માર્યા ગયેલા મોટાભાગના લોકો પ્રવાસીઓ અને હિન્દુઓ હતા જેમને તેમનો ધર્મ પૂછ્યા પછી મારી નાખવામાં આવ્યા હતા.

ભુટ્ટો ઝરદારીના નિવેદન પર તીખી પ્રતિક્રિયા

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલની બિલાવલ ભુટ્ટોને ખુલ્લી ચેલેન્જ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સીઆર પાટીલે પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP)ના નેતા બિલાવલ ભુટ્ટો ઝરદારીના નિવેદન પર તીખી પ્રતિક્રિયા આપી છે, જેમાં તેમણે કહ્યું હતું કે 'જો પાણી રોકવામાં આવશે તો નદીઓમાં લોહી વહેવા લાગશે'. પાટીલે કહ્યું કે આવી ધમકીઓનો કોઈ અર્થ નથી. તેણે બિલાવલને પડકાર ફેંક્યો કે જો તેનામાં હિંમત હોય તો તે ભારત આવીને બતાવે. ભારતે પાકિસ્તાન સાથે સિંધુ જળ સંધિને સ્થગિત કર્યા બાદ બિલાવલ ભુટ્ટો દ્વારા આપવામાં આવેલા ઉશ્કેરણીજનક નિવેદનના જવાબમાં પાટીલે આ પ્રતિક્રિયા આપી હતી. પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે આ પગલું ભર્યું છે. રવિવારે સુરતમાં એક કાર્યક્રમને સંબોધતા પાટીલે કહ્યું, 'મોદીજી કહે છે, 'પાણી છે તો તાકાત છે'. પીએમ મોદીએ કહ્યું કે પાકિસ્તાનને પાણી (સિંધુ જળ સંધિ હેઠળ) મળવું જોઈએ નહીં. આ જોઈને બિલાવલ ગુસ્સે થઈ ગયા. તે કહે છે કે જો પાણી નહીં મળે તો ભારતમાં લોહીની નદીઓ વહેશે. તેણે આગળ કહ્યું, 'શું આપણે ડરીશું? હું બિલાવલને કહું છું કે ભાઈ, તમારામાં થોડી પણ હિંમત હોય તો ભારત આવીને બતાવ. અમે આવી ધમકીઓથી ડરવાના

નથી. પાણી બચાવવું એ આપણી ફરજ છે. પાટીલે ૨૫૦૦ થી વધુ વરસાદી પાણીના સંગ્રહના માળખાના નિર્માણ કાર્યના ઉદ્ઘાટન પ્રસંગે આયોજિત 'જનભાગીદારી દ્વારા જળ સંરક્ષણ' કાર્યક્રમમાં આ વાત કહી. આ પ્રસંગે કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ પાણી બચાવવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. પાકિસ્તાની અખબાર 'ધ ન્યૂઝ' અનુસાર બિલાવલે કહ્યું હતું કે, 'સિંધુ અમારી હતી અને અમારી જ રહેશે - કાં તો તેમાં અમારું પાણી વહેશે અથવા તેમનું લોહી.' મહત્વનું છે કે ભારતે પાકિસ્તાન સાથે ૧૯૬૦માં થયેલી સિંધુ જળ સંધિને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધી છે. ભારતે કહ્યું છે કે જ્યાં સુધી પાકિસ્તાન સરહદ પારના આતંકવાદને ખતમ નહીં કરે ત્યાં સુધી આ સંધિ સ્થગિત રહેશે.

પહલગામ હુમલા મામલે NIAનો મોટો ખુલાસો

બે આતંકવાદીઓ ફૂડ સ્ટોલ પાછળ બેઠા હતા, પકડી પકડીને ગોળી મારી

। (એજન્સી) શ્રીનગર, તા.૨૯ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓના હત્યાકાંડ બાદ, ભારતીય સુરક્ષા દળો તેમની કાર્યવાહીમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. આજે આતંકવાદી હુમલાને એક અઠવાડિયું થઈ ગયું છે, અને હવે તપાસમાં જાણવા મળ્યું છે કે, આતંકવાદીઓએ એપ્રિલના પહેલા અઠવાડિયામાં જ પહલગામની બૈસરન ખીણમાં રેકી કરી હતી. આ આતંકવાદીઓ ૨૨ એપ્રિલે હુમલો કરતા પહેલા શસ્ત્રો સાથે હતા અને તકની રાહ જોઈ રહ્યા હતા. ગુપ્તચર માહિતી અનુસાર, આતંકવાદીઓ બે દિવસ પહેલા પ્રવાસીઓ પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યા હતા, પરંતુ ખરાબ હવામાનને કારણે તેમની યોજના મુલતવી રાખવામાં આવી હતી. પ્રત્યક્ષદર્શીઓએ રાષ્ટ્રીય તપાસ એજન્સી ને જણાવ્યું કે, ૨૨ એપ્રિલના રોજ બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ, બે આતંકવાદીઓ એક ફૂડ સ્ટોલ પાછળ બેઠા હતા. તે અચાનક ઊભા થયા અને દુકાનોમાં નાસ્તો કરી રહેલા પ્રવાસીઓને તેમના ધર્મ વિશે પૂછવા લાગ્યો હતો. પછી થોડીવારમાં જ ચાર લોકોને ગોળી મારી દેવામાં આવી હતી. જણાવી દઈએ કે, શરૂઆતમાં એવી શંકા હતી કે, આતંકવાદીઓ આસપાસના પહાડો પરથી નીચે આવ્યા હતા અને ગોળીબાર શરૂ કર્યો હતો. લગભગ ૩૦ મિનિટ સુધી ચાલેલા ગોળીબાર દરમિયાન, આતંકવાદીઓએ લોકોને 'કલમા' પઢવાનું કહ્યું જેથી તેમના ધર્મની ઓળખ થઈ શકે. આ પછી તેણે ૨૬ લોકોની નિર્દયતાથી હત્યા કરી હતી. મૃતકોમાં મોટાભાગના હિન્દુ પુરુષો હતા, જેમાં એક કાશ્મીરી ખચ્ચર ચલાવનાર અને એક નેપાળી નાગરિકનો સમાવેશ થાય છે. ટ્રેંછ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ હુમલામાં અંધાધૂંધ ગોળીબાર નહોતો, પરંતુ હુમલાખોરોએ દરેક પીડિતના માથામાં ગોળી મારી હતી. હુમલા દરમિયાન, જ્યારે પહેલા બે આતંકવાદીઓએ ચાર લોકોના માથામાં ગોળી મારી, ત્યારે ભાગદોડ મચી ગઈ હતી.

ભારત સાથે તણાવ બાદ બેબાકળું પાકિસ્તાન મદદ માટે રશિયા પહોંચ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલીનો માહોલ સર્જાયો છે. ભારત સતત પાકિસ્તાન વિરૂદ્ધ આકરી કાર્યવાહી હાથ ધરી રહ્યું છે. હાલમાં જ તેણે ફ્રાન્સમાંથી રાફેલ-એમ ફાઈટર એરક્રાફ્ટની ડીલ કરી પોતાનું સામર્થ્ય વધાર્યું છે. બીજી બાજુ પાકિસ્તાન યુદ્ધના ભણકારા વચ્ચે તુર્કિયે, ચીન, બ્રિટન જેવા દેશો પાસે મદદ માગી રહ્યું છે. પાકિસ્તાન હવે મદદ માટે રશિયા પહોંચ્યું છે. પાકિસ્તાનના રાજદૂત મોહમ્મદ ખાલિદ જમાલીએ હાલમાં જ રશિયાના નાયબ વિદેશ મંત્રી આંદ્રે રૂદેનકો સાથે મુલાકાત કરી હતી. તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ મુદ્દે વાતચીત કરી ભય વ્યક્ત કર્યો હતો કે, ભારત તેના પર હુમલો કરી શકે છે. રશિયાને આ યુદ્ધ

રોકવા અપીલ કરી છે. પાકિસ્તાનને સતત ભય છે કે, ભારત ગમે ત્યારે પાકિસ્તાન પર યુદ્ધ કરી શકે છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત એક્શનમાં છે. તેણે અત્યારસુધી અનેક મોટા નિર્ણયો લીધા છે. રશિયાના વિદેશ મંત્રાલયે પાકિસ્તાનના રાજદૂત સાથેની મુલાકાત અંગે જણાવ્યું હતું. રશિયાએ કહ્યું કે, તેણે પાકિસ્તાનને સલાહ આપી છે કે, તે ભારત સાથે વાતચીત કરી આ મુદ્દો ઉકેલે. આ પહેલાં પાકિસ્તાન તુર્કિયે પાસે પણ પહોંચ્યું હતું. પહલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન ભારતની કાર્યવાહીથી બચવા માટે યુએન, બ્રિટન, તુર્કિયે, અને હવે રશિયા પાસે સમર્થન માગી રહ્યું છે. જે સંકેત આપે છે કે, પાકિસ્તાન સતત ભારત સાથે યુદ્ધના ભય હેઠળ જીવી રહ્યું છે. ૨૨ એપ્રિલે કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓ દ્વારા ૨૬ જેટલા નિર્દોષ પર્યટકોની હત્યા કરી દેવામાં આવી હતી. આ હુમલાની અગાઉ પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના જૂથ ધ રેજિસ્ટન્સ ફ્રન્ટે લીધી હતી. જો કે, બાદમાં તેણે પલટી મારી હુમલા સાથે કોઈ લેવાદેવા ન હોવાની જાહેરાત કરી હતી. પાકિસ્તાન વર્ષોથી આતંકવાદને પોષતુ આવ્યું છે. ભારતે આ હુમલાની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાન વિરૂદ્ધ અનેક આકરા નિર્ણયો લીધા છે. જેમાં ભારત હવે પાકિસ્તાન માટે એરસ્પેસ બંધ કરવાની તૈયારી કરી રહ્યું છે.

હથિયાર ચલાવ્યા વગર જ પાક.ને ઘૂંટણીએ લાવી દીધું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલી આતંકવાદી ઘટના બાદ ભારત સહિત સમગ્ર વિશ્વને એવું લાગી રહ્યું હતું કે ભારત હવે કોઈ સૈન્ય કાર્યવાહી કરશે. ખુદ પાકિસ્તાનને પણ એવું જ લાગી રહ્યું હતું કે ભારતીય સેના તેની વિરુદ્ધ હથિયારોનો ઉપયોગ કરશે. પરંતુ, મોદી સરકારે પાકિસ્તાને સપનામાં પણ નહીં વિચાર્યું હોય એવો માસ્ટર સ્ટ્રોક રમ્યો અને હથિયારો વગર જ પાકિસ્તાનને હચમચાવી નાખ્યું. આની અસર કરોડો પાકિસ્તાનીઓની સાથે ત્યાંની અર્થવ્યવસ્થા, ખેતી, વીજળી, અનાજ, ખાતર અને મેડિકલ સેક્ટર પર જોવા મળી રહી છે. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના ડિપ્લોમસી વિભાગના એસોસિયેટ પ્રોફેસર હેપીમૂન જેકબનું કહેવું છે કે ઈન્ડસ જળ સમજૂતી રદ કરીને ભારતે પાકિસ્તાનને મોટો ફટકો આપ્યો છે. આ એક ખૂબ જ મોટું પગલું છે, કારણ કે આ પાણીનો ૮૦ ટકા ઉપયોગ પાકિસ્તાન જ કરે છે. આ ઉપરાંત ભારતે કોઈપણ પ્રકારનો દ્વિપક્ષીય વેપાર પણ બંધ કરી દીધો છે, જે પાકિસ્તાન માટે તગડો માનવામાં આવી રહ્યો છે. ભારતના નિર્ણયોની પાકિસ્તાન પર ૩ પ્રકારની વ્યાપક અસર જોવા મળી રહી છે. ખેતી પાકિસ્તાનની અર્થવ્યવસ્થાનું કરોડરજ્જુ છે, જે તેના જીડીપીમાં ૨૦ ટકા યોગદાન આપે છે અને ૩૮ ટકા રોજગાર પણ આ જ સેક્ટરમાંથી આવે છે. પાકિસ્તાનની ૮૦ ટકા ખેતી અને ૩૩ ટકાથી વધારે હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ એટલે કે વીજ પ્રોજેક્ટ્સ ઈન્ડસ નદીના પાણી પર જ નિર્ભર છે.

પાક.ને સતત પાંચમા દિવસે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું

। (એજન્સી) જમ્મુ, તા.૨૯ ।

પહલગામ આતંકવાદી હુમલાપછી ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવની અસર સરહદ પર જોઈ શકાય છે. પાકિસ્તાન છેલ્લા કેટલાક દિવસોથી જમ્મુ અને કાશ્મીરને અડીને આવેલી સરહદ પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. ભારતીય સેનાએ મંગળવારે જણાવ્યું હતું કે ૨૮-૨૯ એપ્રિલની રાત્રે, પાકિસ્તાની સેનાએ કુપવાડા અને બારામુલ્લા જિલ્લાઓ તેમજ અખનૂર સેક્ટરમાં નિયંત્રણ રેખા પાર નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાએ ઉશ્કેરણીનો અસરકારક રીતે જવાબ આપ્યો હતો. આ પહેલા, પાકિસ્તાને ૨૭-૨૮ એપ્રિલની રાત્રે કુપવાડા અને પૂંચ જિલ્લાના વિસ્તારોમાં નાના હથિયારોથી ગોળીબાર કર્યો હતો. સેનાએ પણ આનો જવાબ આપ્યો હતો. ભારતીય સેનાના અધિકારીઓએ સોમવારે એક અખબારી નિવેદનમાં જણાવ્યું હતું કે પુલવામા પછી જમ્મુ અને કાશ્મીરમાં થયેલા સૌથી ઘાતક હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઘણો વધી ગયો છે. પાકિસ્તાની સેના સતત યુદ્ધવિરામ કરારોનું ઉલ્લંઘન કરી રહી છે. આપને જણાવી દઈએ કે ભારત અને પાકિસ્તાન વચ્ચેનો યુદ્ધવિરામ કરાર ફેબ્રુઆરી ૨૦૨૧ થી અમલમાં છે. આપને જણાવી દઈએ કે ૨૨ એપ્રિલના રોજ, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પોતાના પરિવાર સાથે રજાઓ ગાળવા ગયેલા ૨૬ લોકોને પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓએ ગોળી મારી હતી.

યુપીમાં વધુ એક સાસુ તેના થનારા જમાઈ સાથે ભાગી

। (એજન્સી) લખનૌ, તા.૨૯ ।

બૌલિયા વિસ્તારમાં રહેતા એક છોકરાની સગાઈ ચાર મહિના પહેલા ગોંડા જિલ્લાના એક ગામની છોકરી સાથે થઈ હતી. આ પછી બંને વચ્ચે વાતચીત શરૂ થઈ, પરંતુ આ સમય દરમિયાન છોકરીની માતાએ પણ છોકરા સાથે વાત કરવાનું શરૂ કર્યું. જેમ અલીગઢમાં સાસુ તેના થનારા જમાઈ સાથે ભાગી ગઈ, તેવી જ રીતે યુપીના બસ્તીમાં પણ આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં પણ એક મહિલા તેના થનારા જમાઈ સાથે ભાગી ગઈ. આ ઘટના બસ્તીના દુબૌલિયા પોલીસ સ્ટેશન વિસ્તારની છે. પરિવારની માહિતી પર પોલીસે છોકરા અને સ્ત્રીની શોધ શરૂ કરી છે.દુબૌલિયા વિસ્તારમાં રહેતા એક છોકરાની સગાઈ ચાર મહિના પહેલા ગોંડા જિલ્લાના એક ગામની છોકરી સાથે થઈ હતી. આ પછી બંને વચ્ચે વાતચીત શરૂ થઈ, પરંતુ આ સમય દરમિયાન છોકરીની માતાએ પણ છોકરા સાથે વાત કરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં પરિવારના સભ્યોને આ અંગે કોઈ શંકા નહોતી, પરંતુ ધીમે ધીમે વાતચીતનો સમય વધતો ગયો અને વર્તનમાં ફેરફાર જોઈને પરિવારના સભ્યોને શંકા ગઈ. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, જ્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો, ત્યારે છોકરીના પરિવારે છોકરા સાથેની પુત્રીનો સંબંધ તોડી નાખ્યો. આ પછી, છોકરીનો સંબંધ બીજી જગ્યાએ નક્કી થયો.

તંત્રી લેખ...

કેનેડાના નવા વડાપ્રધાન બનવા પર માર્ક કાર્નીને મોદીએ પાઠવી શુભેચ્છા

વડાપ્રધાન મોદીએ ટ્વિટમાં લખ્યું છે કે, 'ભારત અને કેનેડા સહિયારા લોકશાહી મૂલ્યો કાયદાના શાસન પ્રત્યે પ્રતિબદ્ધતા અને લોકો વચ્ચેના જીવંત સંબંધોથી બંધાયેલા છે. હું તમારા લોકો માટે વધુ તકો ખોલવા અને અમારી ભાગીદારીને મજબૂત બનાવવા માટે તત્પર છું.' કેનેડામાં ગઈકાલે (૨૮ એપ્રિલ) ચૂંટણી યોજાઈ હતી, જેની મતગણતરી બાદ માર્ક કાર્નીની લિબરલ પાર્ટી ૩૪૩ બેઠકોમાં બહુમતી સાથે જીત હાંસલ કરી રહી છે. માર્ક કાર્નીનો જન્મ ૧૬ માર્ચ, ૧૯૬૫ના રોજ કેનેડામાં ફોર્ટ સ્મિથ નામના સ્થળે થયો હતો, જે આર્કટિકની નજીક છે. તેમનું બાળપણ એડમોન્ટન નામના શહેરમાં પસાર થયું. માર્ક કાર્નીએ અમેરિકાની પ્રખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટી અને ઇંગ્લેન્ડની ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે. માર્ક કાર્નીએ પોતાના કરિયરની શરુઆતમાં ઇન્વેસ્ટમેન્ટ બૅંકર તરીકે કામ કર્યું અને ન્યૂયોર્ક, લંડન, ટોક્યો અને ટોરોન્ટો જેવા મોટા શહેરોમાં કામ કરીને પૈસા કમાયા. બાદમાં તેમણે સિવિલ સર્વિસ પસંદ કરી અને ૨૦૦૮માં કેનેડાના તત્કાલીન વડાપ્રધાન સ્ટીફન હાર્પરએ તેમને બૅંક ઑફ કેનેડાના ગવર્નર બનાવ્યા. માર્ક કાર્ની એવા રાજકારણીનો વિજય છે જેમને રાજકારણમાં નહીં પણ અર્થતંત્રને સંભાળવાનો અનુભવ છે. તેમણે ૨૦૦૮થી ૨૦૧૩ સુધી બૅંક ઑફ કેનેડાના ગવર્નર અને ૨૦૧૩થી ૨૦૨૦ સુધી બૅંક ઑફ ઇંગ્લેન્ડના ગવર્નર તરીકે સેવા આપી હતી. ખાસ વાત એ છે કે જ્યારે તેમણે જસ્ટિન ટ્રૂડોને હટાવીને લિબરલ પાર્ટીની કમાન સંભાળી હતી અને માર્ચમાં પીએમ બન્યા, ત્યારે તેમની પાસે હાઉસ ઑફ કોમન્સ એટલે કે કેનેડાની સંસદમાં કોઈ બેઠક નહોતી. આથી એવું કહી શકાય કે તેઓ સાંસદ નહોતા. તેઓ કેનેડિયન ઇતિહાસમાં હાઉસ ઑફ કોમન્સમાં બેઠક વગરના બીજા વડાપ્રધાન બન્યા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ YUGM ઇનોવેશન કોક્લેવને સંબોધન કર્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે રૂરેંય્સ ઈનોવેશન કોક્લેવને સંબોધન કર્યું. આ પ્રસંગે સભાને સંબોધતા, તેમણે સરકારી અધિકારીઓ, શિક્ષણવિદો અને વિજ્ઞાન અને સંશોધન વ્યાવસાયિકોના મહત્વપૂર્ણ મેળાવડા પર પ્રકાશ પાડ્યો, અને "YUGM" તરીકે હિસ્સેદારોના સંગમ પર ભાર મૂક્યો - એક સહયોગ જેનો ઉદ્દેશ્ય વિકસિત ભારત માટે ભવિષ્યની તકનીકોને આગળ વધારવાનો છે. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ કાર્યક્રમ ભારતની નવીનતા ક્ષમતાઓ અને ડીપ-ટેકમાં તેની ભૂમિકાને વધારવાના પ્રયાસોને વેગ આપશે. તેમણે IIT કાનપુર અને IIT બોમ્બે ખાતે AI, બુદ્ધિશાળી સિસ્ટમ્સ અને બાયોસાયન્સ, બાયોટેકનોલોજી, આરોગ્ય અને દવા પર ધ્યાન કેન્દ્રિત કરતા સુપર હબના ઉદ્ઘાટન પ્રસંગે ટિપ્પણી કરી. તેમણે વાધવાણી ઈનોવેશન નેટવર્કના લોન્ચનો પણ ઉલ્લેખ કર્યો, જે નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન સાથે સહયોગમાં સંશોધનને આગળ વધારવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે. પ્રધાનમંત્રીએ વાધવાણી ફાઉન્ડેશન, આઈઆઈટી અને આ પહેલોમાં સામેલ તમામ હિતધારકોને અભિનંદન આપ્યા. તેમણે ખાનગી અને જાહેર ક્ષેત્રો વચ્ચે સહયોગ દ્વારા દેશની શિક્ષણ પ્રણાલીમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં શ્રી રોમેશ વાધવાનીના સમર્પણ અને સક્રિય ભૂમિકાની ખાસ પ્રશંસા કરી. સંસ્કૃતમાં લખાયેલા શાસ્ત્રોનો ઉલ્લેખ કરતા જે સૂચવે છે કે સાચું જીવન સેવા અને નિઃસ્વાર્થતા દ્વારા જીવાય છે, શ્રી મોદીએ ટિપ્પણી કરી કે વિજ્ઞાન અને ટેકનોલોજીને પણ સેવાના માધ્યમ તરીકે સેવા આપવી જોઈએ. તેમણે વાધવાણી ફાઉન્ડેશન અને શ્રી રોમેશ વાધવાણી અને તેમની ટીમ જેવી સંસ્થાઓના ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીને યોગ્ય દિશામાં લઈ જવાના પ્રયાસો જોઈને સંતોષ વ્યક્ત કર્યો. તેમણે શ્રી વાધવાનીની નોંધપાત્ર સફર પર પ્રકાશ પાડ્યો, જેમાં ભાગલા પછીની પરિસ્થિતિ, તેમના જન્મસ્થળથી વિસ્થાપન, બાળપણમાં પોલિયો સામે લડવું અને આ પડકારોથી ઉપર ઉઠીને એક વિશાળ વ્યાપારી સામ્રાજ્ય બનાવવાનો સમાવેશ થાય છે. શ્રી મોદીએ શ્રી વાધવાણીની ભારતના શિક્ષણ અને સંશોધન ક્ષેત્રોમાં તેમની સફળતા સમર્પિત કરવા બદલ પ્રશંસા કરી અને તેને એક અનુકરણીય કાર્ય ગણાવ્યું. તેમણે શાળા શિક્ષણ, આંગણવાડી ટેકનોલોજી અને કૃષિ-ટેક પહેલમાં ફાઉન્ડેશનના યોગદાનનો સ્વીકાર કર્યો. તેમણે વાધવાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી પહેલોમાં તેમની ભૂતકાળની સંડોવણીને યાદ કરી, અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે ફાઉન્ડેશન ભવિષ્યમાં પણ મહાન સીમાચિહ્નો હાંસલ કરવાનું ચાલુ રાખશે અને વાધવાણી ફાઉન્ડેશનને તેમના પ્રયાસોમાં શુભકામનાઓ પાઠવી. કોઈપણ રાષ્ટ્રનું ભવિષ્ય તેના યુવાનો પર આધાર રાખે છે અને ભવિષ્ય માટે તેમને તૈયાર કરવાના મહત્વ પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે શિક્ષણ પ્રણાલી આ તૈયારીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ૨૧મી સદીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ભારતની શિક્ષણ પ્રણાલીને આધુનિક બનાવવાના પ્રયાસો પર ભાર મૂક્યો. તેમણે વૈશ્વિક શિક્ષણ ધોરણોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની રજૂઆત પર પ્રકાશ પાડ્યો અને ભારતીય શિક્ષણ પ્રણાલીમાં તે લાવનારા નોંધપાત્ર ફેરફારોનો ઉલ્લેખ કર્યો. તેમણે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા, શિક્ષણ સામગ્રી અને ધોરણ એક થી સાત માટે નવા પાઠ્યપુસ્તકોના વિકાસ પર ટિપ્પણી કરી. તેમણે પીએમ ઈ-વિદ્યા અને DIKSHA પ્લેટફોર્મ હેઠળ AI-આધારિત અને સ્કેલેબલ ડિજિટલ શિક્ષણ માળખાગત પ્લેટફોર્મ - 'એક રાષ્ટ્ર, એક ડિજિટલ શિક્ષણ માળખાગત' ની રચના પર પ્રકાશ પાડ્યો, જેનાથી ૩૦ થી વધુ ભારતીય ભાષાઓ અને સાત વિદેશી ભાષાઓમાં પાઠ્યપુસ્તકો તૈયાર કરી શકાય છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે રાષ્ટ્રીય ધિરાણ માળખાએ વિદ્યાર્થીઓ માટે એકસાથે વિવિધ વિષયોનો અભ્યાસ કરવાનું સરળ બનાવ્યું છે, જેનાથી આધુનિક શિક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે અને કારકિર્દીના નવા રસ્તાઓ ખુલ્યા છે. તેમણે રાષ્ટ્રીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે ભારતના સંશોધન ઇકોસિસ્ટમને મજબૂત બનાવવાના મહત્વ પર ભાર મૂક્યો, ૨૦૧૩-૧૪માં R&D પરનો કુલ ખર્ચ ૬૦,૦૦૦ કરોડથી બમણો કરીને ૧.૨૫ લાખ કરોડથી વધુ કરવા, અત્યાધુનિક સંશોધન ઉદ્યાનોની સ્થાપના અને લગભગ ૬,૦૦૦ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં R&D કોષોની રચના પર પ્રકાશ પાડ્યો. તેમણે ભારતમાં નવીનતા સંસ્કૃતિના ઝડપી વિકાસ પર ટિપ્પણી કરી, ૨૦૧૪માં પેટન્ટ ફાઇલિંગમાં આશરે ૪૦,૦૦૦ થી ૮૦,૦૦૦ થી વધુનો વધારો થયો.

અખાત્રીજ ઉજવવાના શાસ્ત્રોમાં ત્રણ-ચાર કારણ બતાવાયા છે, અક્ષય તૃતીયાને પરશુરામ જયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે

અક્ષય તૃતીયા એટલે માનસ નામના પાત્રમાં માનવતાનો ભાવ ક્યારેય ક્ષય ન થાય !



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

ભાવનગર વાસીઓ માટે તો અક્ષય તૃતીયાને દિવસે બેવડા આનંદની વાત છે, એટલે કે આજે ભાવનગરનો જન્મદિવસ છે, પણ આ વખતે કાશ્મીર દુર્ઘટના માં બે ભાવેણા વાસી એ જીવ ગુમાવ્યો એટલે કોઈ ઉજવણી રાખવામાં નથી આવી, પરંતુ પોતાનું વતન તો સૌ કોઈને પ્યારું હોય જ! ભાવનગરની ઘણી બધી વિશેષતાઓ છે, અને કલા તથા વિદ્યાનું ધામ પણ કહેવાય છે.

આજે અક્ષય તૃતીયાનો તહેવાર છે, વૈશાખ મહિનાની ત્રીજને અક્ષય તૃતીયા કહેવામાં આવે છે, અને એને અખાત્રીજ પણ કહેવાય છે. આમ તો સૌ કોઈ ઈશ્વરને પોતાના સુખ એટલે કે ભોગ વિલાસના સાધનોનો ક્યારેય ક્ષય ન થાય એવું જ ઈશ્વર પાસે માંગતા હોય છે!: પણ હકીકતમાં આજના સાંપ્રત સમયમાં જે રીતે માનવતાના મૂલ્યોનું ધોવાણ થતું જોવા મળે છે, એ રીતે વિચારીએ તો આ અક્ષય તૃતીયાએ આપણે સૌએ આપણાં માનવતાના ભાવમાં ક્યારેય ક્ષય ન થાય એવી ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ! મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણએ પાંડવો જ્યારે અજ્ઞાતવાસમાં જતા હતા, ત્યારે દ્રૌપદીને અક્ષયપાત્ર આપ્યું હતું. પરંતુ તે છતાંય દ્રૌપદીએ કે પાંડવોએ અક્ષય પાત્રનો દુરુપયોગ કર્યો નહીં! આ વાત કાળની સચ્ચાઈ છે, એટલે કે આજે જો કોઈ પાસે એવું પાત્ર હોય તો, એ માત્ર તેનો જીવન નિર્વાહ પૂરતો ઉપયોગ ન કરે,એ એક સીધીસાદી અને સ્વીકારી શકાય એવી વાત છે. આજે આપણે જરૂરિયાતને નામે પણ એટલું બધું ઈચ્છતા થઈ ગયા છીએ, કે ખરેખર જેની જરૂર નથી, એનો પણ સંગ્રહ થતો જાય છે. વસ્તુ પદાર્થની રીતે તો હજી પણ સમયની માંગ તરીકે સ્વીકારી શકાય, એટલે કે ૨ જોડ કપડાંની જરૂર હોય, અને ૨૨ જોડ કપડાં કબાટમાં હોય છે! પણ માનસમાં જેનો ખરેખર ક્ષય થવો જોઈએ! એવાં ભાવ આપણે જીંદગીભર અક્ષય રાખીએ છીએ! અને જ્યાં સુધી એ ભાવનો ક્ષય નહીં થાય, ત્યાં સુધી આપણે સદભાવનાનું મુલ્ય જાણી શકીએ નહીં! તો ક્ષય કોનો થવો જોઈએ અને કોનો ન થવો જોઈએ! એ તફાવત પર આપણું ધ્યાન કેન્દ્રિત નહીં થાય, ત્યાં સુધી આવી કેટલીય અક્ષય તૃતીયાની ઉજવણી કરીશું, તોય અંતે તો આપણું પાત્ર ખાલી જ રહેશે!: અથવા તો જેની બિલકુલ જરૂર નથી એવાં ભાવથી ભરાયેલું રહેશે. અખાત્રીજ ઉજવવાના શાસ્ત્રોમાં ત્રણ-ચાર કારણ બતાવાયા છે. અક્ષય તૃતીયાને પરશુરામ જયંતિ

તરીકે પણ ઉજવવામાં આવે છે. પૂરેપૂરો વૈશાખ મહિનો વિષ્ણુની આરાધનાનો મહિનો છે. નારાયણ સ્વરૂપની ઉત્પત્તિ આ માસ દરમિયાન થઈ હતી. શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ ત્રેતા યુગની શરૂઆત પણ આ દિવસથી થઈ હતી. શાસ્ત્રના કહેવા અનુસાર સતયુગની સ્થાપના પણ અક્ષય તૃતીયાથી થઈ હતી. ચૈત્ર માસને આપણે ત્યાં પિતૃનો માસ માનવામાં આવે છે, અને એ દિવસોમાં શુભ કાર્ય એટલે કે લગ્ન વાસ્તુ જેવા કાર્યો કરાતા નથી, ત્યારે અખાત્રીજથી વૈશાખી લગ્નનો પ્રારંભ થાય છે, અને જે કોઈના ગ્રહ-નક્ષત્ર મુજબ જન્માક્ષરનો મેળ ન પડતો હોય એ યુવક-યુવતીના આ દિવસે લગ્ન કરાવવાથી નક્ષત્ર દોષ સમાપ્ત થાય છે. હિન્દુ પ્રજા ઉત્સવ પ્રિય છે એટલે કયા તહેવાર એ શું કરવું તેની આખી રૂપ રેખા આપણે ત્યાં આપણા ઋષિઓએ નક્કી કરેલી છે, અક્ષયતૃતીયાને દિવસે દાન ધર્મનો ખૂબ જ મહિમા છે, આપણી પ્રણાલીમાં દાનને આ રીતે જોડી દેવામાં આવે છે, જેથી અસમાનતાનો ગ્રાફ થોડો ઘણો સમ થઈ શકે. સાધન સંપન્ન લોકો સોના જેવી પવિત્ર ધાતુની ખરીદી પણ આ દિવસે કરે છે. આરાધનામાં સફેદ કલરના સાધનથી વિષ્ણુની પૂજા થાય છે,લાલ રંગના પુષ્પથી લક્ષ્મીની પૂજા થાય છે, અને આ ઉપરાંત કુબેરની પણ સ્થાપન કરી, તેની પણ પૂજા કરવામાં આવે છે. વિષ્ણુને પ્રસાદ તરીકે સફેદ વસ્તુનો ભોગ ધરવામાં આવે છે, આ થઈ તેની વૈદિક પરંપરા. અક્ષયનો સીધો સાદો અર્થ કરીએ તો જેનો ક્યારેય ક્ષય નથી એટલે કે ચિરંજીવી છે, અને તેથી જ આ તિથીને ચિરંજીવી તિથિ પણ કહેવામાં આવે છે, અને આઠ ચિરંજીવી પૈકીનાં એક એવાં ભગવાન પરશુરામ જન્મજયંતિ પણ છે. આ દિવસે દાન ધર્મનો એટલાં માટે મહત્વ છે કે, આ દિવસે કરાયેલું દાન એ અતિ ઉત્તમ સાબિત થાય છે, અને તેનું પુણ્ય ક્યારેય ક્ષય થતું નથી. એટલે કે પાપ પુણ્યનું સરવૈયું નીકળે ત્યારે આ પુણ્ય એમનેમ રહે છે, અને જન્મોજન્મ સાથે ચાલે છે, એટલે આપણે ત્યાં આ દિવસે દાન કરવાનો મહિમા છે. આ દિવસે ગંગા સ્નાનનો પણ મહિમા છે, પરંતુ સાંપ્રત સમયમાં એ શક્ય નથી માટે, ગંગામાં સ્નાન કરતાં હોઈએ એ રીતે સ્નાન કરીને તન મન પવિત્ર કરી આ વ્રતની ઉપાસના કરવી. પાપ-પુણ્યની કદાચ જીવની માનસિકતા નથી, પરંતુ દાન ચોક્કસ થવું જોઈએ, અને એ ભાવમાં ક્યારેક ક્ષય ન આવે એ માટે થઈને આપણે અક્ષય તૃતીયા એ પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ. ભાવનગર વાસીઓ માટે તો અક્ષય તૃતીયાને દિવસે બેવડા આનંદની વાત છે. એટલે કે આજે ભાવનગરનો જન્મદિવસ છે,પણ આ વખતે કાશ્મીર દુર્ઘટના માં બે ભાવેણા વાસી એ જીવ ગુમાવ્યો એટલે કોઈ ઉજવણી રાખવામાં નથી આવી. પરંતુ પોતાનું વતન તો સૌ કોઈને પ્યારું હોય જ! ભાવનગરની ઘણી બધી વિશેષતાઓ છે, અને કલા તથા વિદ્યાનું ધામ પણ કહેવાય છે. વિધવિધ કલાને અહીં રાજા મહારાજાઓના વખતથી માન સન્માન આપવામાં આવતું, એ પ્રથા હજી ભાવનગર વાસીઓ એ જાળવી રાખી છે. પરંતુ ભાવને જ્યાં પ્રાધાન્ય આપવામાં આવે છે, એવી નગરી એટલે કે ભાવનગર, એવું ચોક્કસ કહી શકાય. દરેક જગ્યાએ સમાજમાં વિકૃતિ હોય છે, એમ અહીં પણ હશે. પરંતુ અપવાદ કયારેય સિદ્ધાંત ન બની શકે, એટલે એક સામાન્ય સર્વેક્ષણ મુજબ ભાવનગરની પ્રજાને લાગણીશીલ કહી શકાય. સુવર્ણને આપણે ત્યાં શુદ્ધ અને પવિત્ર ધાતુ માનવામાં આવી છે, અને તેના ચળકાટ જેવું આપ ણું ચરિત્ર બને, એ માટે થઈને સુવર્ણની આપણે ત્યાં આ દિવસે તેની ખરીદીનો વિશેષ મહિમા ગવાયો છે, પણ હવે તો અક્ષય તૃતીયા એ જાણે સોનું ખરીદવું એ જ તહેવારનું મહાત્મ્ય હોય એમ બધાં દાન ધર્મ ભૂલી સોનું ખરીદે છે. આ ઉપરાંત ધન ઐશ્વર્યને કુબેરના ખજાના સાથે પણ સરખાવ્યું છે, તો વિષ્ણુ લક્ષ્મી ઉપરાંત આ દિવસે કુબેરની પણ સ્થાપના કરીને પૂજા કરવામાં આવે છે. એટલે સાધન સંપન્ન લોકો સોનાની ખરીદી કરતા હોય છે. પરંતુ સોનુ ખરીદવા જેટલી દરેકની હેસિયત ન હોય, તો તેમણે લક્ષ્મીને પ્રસન્ન કરવા માટે દાનનો હાથવગો ઉપાય અજમાવવો જોઈએ, લક્ષ્મીનો નિયમ છે કે, તેનો વિનિમય થતો હોય, એટલે કે તેનો ઉપયોગ થતો હોય, આવનજાવન થતી હોય, એના ઘરમાં તે નિવાસ કરે છે. લક્ષ્મીજીની પાછળ વિષ્ણુ અને કુબેર પણ આવે છે. સદગુરુ ક્યારેય કૃપા વરસાવવામાં ચૂક ન કરે,અને એવી પાત્રતા જીવ ની બની રહે! જેથી અક્ષય તૃતિયા એ સત્ય પ્રેમ અને કરુણાના ક્યારેય ક્ષય ન પામે તેવાં ભાવને પ્રાપ્ત કરવાની જીવ કોશિશ કરે, અને સુવર્ણ જેવું ચમકતું ચરિત્ર બનાવી, ચરિત્રની રીતે ભગવાન પરશુરામની જેમ ચિરંજીવ બને. સમય છડી પોકારી રહ્યો છે કે, સતયુગ આવી રહ્યો છે!! સતયુગ આવી રહ્યો છે!! આકાશમાંથી પણ એવા જ ભાવ વધારનાર શબ્દની વૃષ્ટિ થઈ રહી છે, તો એ વાણી સાંભળી અને એ સત્ય સિદ્ધ કરવા સંકલિત થઈએ. સમગ્ર વિશ્વ આજે આ શુદ્ધ ભાવમાં જીવે, અને એના આવા શુદ્ધ ભાવમાં ક્યારેય ક્ષય થાય નહીં એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વરને કરીએ. જય હિન્દ.

જીવોના બધા શરીર નાશવંત છે, દિતિ અદિતિના બાળકો નાશવંત છે, દેવો અને દાનવો નશ્વર છે જે મનુષ્યને પૂજે છે તે નાસ્તિક છે

આપણી માનવતા એ જ ક્ષણે નાશ પામે છે.!"જ્યારે" આપણે બીજાના દુઃખ પર હસવાનું શરૂ કરીએ છીએ!!

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

એક ગેરસમજ હતી કે આ ગેર સમજ માત્ર શાસ્ત્રો ભૂલી જવાથી આવી છે, આ ચક્કવાત આવ્યું, આ એવો ધરતીકંપ હતો, લોકો શાસ્ત્રો ભૂલી ગયા અને કૃત્રિમ શાસ્ત્રો રાખ્યાકે આ શાસ્ત્રો એ બહુમતી સમાજને અશિક્ષિત રાખ્યો અને પછી નકલી સિક્કાનો ઉપયોગ કર્યો, થોડા દિવસ ચાલ્યું પણ ભણતર આવ્યું તો બધા ચોંકી ગયા.

આપણો દેશ કૃષિ પ્રધાન દેશ હોવા છતાં ખેતી અને ખેડૂતોની સ્થિતિ જોવા જેવી છે.આજે વૈશાખ સુદ ત્રીજ એટલે અખાત્રીજ ખેતીક્ષેત્રે નવું વર્ષ આજે આધુનિક યુગમાં ગાય બળદનું સ્થાન યાંત્રિક સાધનોએ લીધું છે અને એટલે ગૌ અને ગૌવંશ ઠેરઠેર ભટકતું ઉકરડા ફેન્દતું ઉપદ્રવી જીવ બની ગયું છે એટલી જ ઝડપે રોગો પણ વધ્યા છે ત્યારેઆપણે આજની લેખ માળાના મણકામાં ભગવદ્ ગીતા જ્ઞાનની એવી જ કોઈ ઉમદા વાત કરીએ જે કાળ ઝાળ ગરમી બફારામાં હૃદય મનને શાંતિ સલામતીનો અહેસાસ કરાવે. પહેલગામની ઘટનાથી હૃદય ઘણું દુઃખી થયું છે. છેવટે એ વાત સ્વીકારવી પડશે કે એ આત્માઓ હવે જે તે શરીરમાં રહયા નથી. શસ્ત્રો આત્માને કાપી શકતા નથી અણુબોમ્બ તેને નષ્ટ કરી શકે નહીં આગ તેને બાળી શકતી નથી હવા તેને સૂકવી શકતી નથી તે પૃથ્વીમાં સમાઈ શકતી નથી. આ શાશ્વત અને સત્ય છે. અમે સત્ય ધમ્મના અનુયાયી છીએ. સત્ય માત્ર આત્મા છે. અમે સનાતનના ઉપાસક છીએ. માત્ર શાશ્વત આત્મા. આ સમયની બહાર શાશ્વત છે. હંમેશા સંપૂર્ણ અસ્તિત્વમાં છે. તેથી જ તેને બ્રહ્મ કહેવામાં આવે છે. દરેક માટે પ્રદાન કરે છે. તેથી જ તેને ભગવાન કહેવામાં આવે છે. તમામ ગુણોથી ભરપૂર તેથી જ તેને વિભુ કહેવામાં આવે છે. તમે રાત-દિવસ એક કરોડ નામલખતા રહ્યા, પૂરા નામોમાંથી એક પણ નહીં. ચિત્ર વિવિધ ખૂણાઓથી લેવામાં આવ્યું છે જો ત્યાં સ્વર દમનનો અનુભવ હોયતો ભગવાન છે.જો કોઈ કાળથી પર છે તો તે અકાલ પુરૂષ છે. એક ભગવાન આત્મા,ભગવાન, સમાનાર્થી શબ્દ છે. સર્જનહાર અને સર્જિત સર્જન નશ્વર છે. બ્રહ્મા પણ નશ્વર છે, જીવોના બધા શરીર નાશવંત છે. દિતિ અદિતિના બાળકો નાશવંત છે. દેવો અને દાનવો નશ્વર

છે જે મનુષ્યને પૂજે છે તે નાસ્તિક છે. પાપી,બેવફાઈ.જે અસ્તિત્વની પૂજા કરે છે તે આસ્તિક છે. જો આપણે પાંચ તત્ત્વોમાંથી બનેલો કોઈ પદાર્થ ભગવાનની પાસે રાખતા નથી,તો તેને અડક વાથી અથવા બે કલાક પાણી પીવાથી સનાતન કેવી રીતે નાશ પામે છે.અવિનાશીનો વિનાશ કેવી રીતે થાય ? એક ગેરસમજ હતી કે આ ગેર સમજ માત્ર શાસ્ત્રો ભૂલી જવાથી આવી છે.આ ચક્કવાત આવ્યું. આ એવો ધરતીકંપ હતો. લોકો શાસ્ત્રો ભૂલી ગયા અને કૃત્રિમ શાસ્ત્રો રાખ્યાકે આ શાસ્ત્રો એ બહુમતી સમાજને અશિક્ષિત રાખ્યો અને પછી નકલી સિક્કાનો ઉપયોગ કર્યો. થોડા દિવસ ચાલ્યું પણ ભણતર આવ્યું તો બધા ચોંકી ગયા.બધા સવાલ કરવા લાગ્યા, ઉપદેશક પણ ગાયબ થઈ ગયો અને શાસ્ત્રો પણ ગાયબ થઈ ગયા તમને બજારમાં ક્યાંય મનુસ્મૃતિ નહીં મળે. કોઈ સ્મૃતિ મળશે નહીં અને કોઈ તેમના ઉપદેશકને શોધી શકશે નહીં. ગીતા તારી બ્રહ્મજ્ઞાન હતી. ગીતાના આ પ્રમાણે જો ભૂખ ન હોય તો ભગવાનની પૂજા કેમ કરી શકીશ અને આપણે તેને પૂરી કરવામાં અસમર્થ છીએ. તેથી જ આપણે ભગવાન છીએ તેઓ કહે છે, હે ભગવાન, તમે આ પરીક્ષા પાસ કરો. અમારી સેવા સ્થાપિત થવી જોઈએ. અમારા પૌત્રોનો જન્મ થાય. આપણો મલ્લભાવ સારો થાય. ક્યાંક વિઘ્ન આવે છે, એટલે ભગવાનને યાદ કરીએ છીએ. ભગવાન કહે છે કે મારી પૂજા કરનારા ચાર પ્રકારનાભક્તો આવે છે. જિજ્ઞાસુ ભક્ત જ્ઞાની ભક્ત કેવલમપદ પ્રાપ્ત કરનાર ભક્ત જે ધન,ધાન્ય,પુત્ર, સમૃદ્ધિ ઈચ્છે છેતે નાશવંતસુખનો જ વિચાર કરે છે.જિજ્ઞાસુ મૂળ ભૂત રીતે જે સાચું છે તે જાણે છે જ્ઞાની તે મારું સ્વરૂપ છે. તે મારો ભક્ત છે જે અનેક જન્મો સુધી સ્તોત્ર જપ કરીને મને પ્રાપ્ત કરે છે.હું તેનામાં છુંઅને તે મારા માં છે.તેને બેસાડો મને હટાવો, બસ એક વાત. મને બેસાડો, તેને દૂર કરો, માત્ર એક જ વસ્તુ ચોથું, જેને કેવલ્યમ પદ જોઈએ છે તે મારી પૂજા કરે છે.ચારેય ઉદાર છે, શું તેઓએ ભગવાનનું ભલું કર્યું છે?તે ખરેખર કેવા પ્રકારની ઉદારતા થી તેના આત્મા તરફ આગળ વધી રહ્યો છે જેની પૂજા કરવી જોઈએ તે સ્વ-મોક્ષમાં અગ્રેસર છે,તેથીજ તે ઉદાર છે, અમે ભગવાન પાસેથી કંઈપણ માંગ્યું નથી. જ્યારે પૂછવાની જરૂર હોય છે, ત્યારે આપણે જાણતા નથી કે આપણે કોની પાસેથી પૂછીએ છીએ.જેની પાસે નથી, તેઓ ભીખ માંગે છે.જો તમારે માંગવું હોય, તો ભગવાન પાસે માગો. ચારેય ઉદાર છે. એટલું જ નહીં ચાર ભિખારી ઓની ભિક્ષાનો વાટકો ઘણો મોટો છે. નિયત પધ્ધતિ મુજબ ગીતો ગાઈનેઘણા, ઘણા. હું બદલામાં સ્વર્ગની ઈચ્છા કરું છું. હું એક વિશાળ સ્વર્ગીય વિશ્વ પ્રદાન કરું છું. તે ઈન્દ્રલોકને પણ શણગારે છે પણ જ્યારે તે તુચ્છ બની જાય છેત્યારે તેતે જ જગ્યા એ પડે છે જ્યાં તેણે પૂછવાનું શરૂ કર્યું હતું. સ્વર્ગ નાનું અને ખૂબ ઉદાસી છે, સ્વર્ગ પણ બહુ ઓછા સમય માટે રહે છે. ખિસ્સામાં પૈસા છે, જલદી તે નાશ પામે છે, સ્થિતિ એવી જ છે કે જો ખિસ્સામાં પૈસા હોય, ત્યાં સુધી તમે ફાઈવસ્ટાર હોટેલ માં રહી શકો, ખિસ્સું ખાલી છે, ફાઈવ સ્ટાર હોટેલની બહાર!! પાછળથી ત્યાંથી ભાગી જાઓ. આખરે ઉદાસી. અંતમાં તમારા માટે ઉદાસી અનામત છે. જ્યારે ઈન્દ્રપદ મળ્યો ત્યારે તે પૂર્ણ ચંદ્ર બની ગયો અને ઈન્દ્રપદ પણ નીચે થી દૂર ખસી ગયો. આપણે ફૂટપાથ પર આગળ છીએ!! શું દુઃખ નહીં હોય? સ્વર્ગ જતું રહેશે કારણ કે તમે માત્ર નશ્વર માટે પૂછ્યું હતું તે ક્યારેય શાશ્વત નથી. પણ એ ભક્તનો ક્યારેય નાશ થતો નથી. કારણ કે મારા માર્ગમાં બીજનો નાશ નથી. શ્વાસ લેતી વખતે પણ જે પકડાઈ ગયો. તે કોઈપણ જન્મમાં કે કોઈપણ કાળમાં નાશ પામતો નથી.બલ્કે,થોડીક પ્રેક્ટિસની અસરને કારણે તે આગલા જન્મ માં પણ પ્રેક્ટિસ કરતો રહે છે. આગલા જન્મમાં, તે ત્યાંથી શરૂ થાય છે જ્યાં તેણે સંસાધનો છોડ્યા હતા. અનેક જન્મોના પરિણામે માત્ર એક જ પહોંચે છે જેનું નામ પરમગતિ અથવા પરમધામ છે.આવો, આપણે બધા આ વિશ્વમાં પરમ ધામના પ્રવાસી છીએ. જ્યાં પહોંચવાનું અમારું લક્ષ્ય છે. આવા જ્ઞાની ગુરુઓનો સાથ મેળવીને જીવનની સફરમાં આગળ વધો. આ પણ શ્રી ક્ષત્રિય યુવક સંઘનો માર્ગ છે, વ્યક્તિગત નિમ્નથી સમગ્ર અને સમગ્ર સુધી ની યાત્રા. યાત્રામાં કરેલા શાશ્વત કાર્યો આપણને પરમેષ્ટિનો માર્ગ બતાવે છે જ્યાં પરમ ધામ છે. વાચક ચાહક મિત્રો ચિંતન કરો,ચિંતા નહિ.બુદ્ધિશાળી વ્યક્તિ તમારું દિમાગ ખોલે છે. સુંદર વ્યક્તિ તમારી આંખો ખોલે છે. પરંતુ એક પ્રેમાળ વ્યક્તિ તમારુ હૃદય ખોલે છે. પ્રશંસા હૃદયથી કરવી અસ્તુ.. ભારત માતા કી જય..

ઘણાં લોકોના દિલ દુભાવ્યાં છે, હવે તેમને સોરી કહેતી રહુ છું

તાજેતરના સમયમાં તેણે એક્ટર માઈકલ કોરસાલ અને વિઝ્યુઅલ આર્ટિસ્ટ શાંતનુ હજારિકા સાથે ડેટિંગ કરેલું છે

સાઉથના સ્ટાર કમલ હાસનની દીકરી શ્રૃતિ હાસન પોતાના ભૂતકાળના સંબંધો વિષે જાહેરમાં વાત કરવામાં ક્યારેય ખચકાતી નથી. તાજેતરના સમયમાં તેણે એક્ટર માઈકલ કોરસાલ અને વિઝ્યુઅલ આર્ટિસ્ટ શાંતનુ હજારિકા સાથે ડેટિંગ કરેલું છે. સંખ્યાબંધ બોયળેન્ડ હોવા બાબતે જીવનમાં કોઈ પસ્તાવો નથી. જો કે ઘણાં લોકોના દિલ દુભાવ્યા છે અને હવે તેમને સોરી કહેતી રહું છે. કોઈ બાબતે પસ્તાવો થતો હોય અથવા કોઈ ઘટના રી-ડુ કરવાની ઈચ્છા હોય તો આ બાબતે શ્રૃતિ હાસનને કહ્યું હતું કે, ઘણાં લોકોના દિલ મેં દુભવ્યાં છે. હવે લાગે છે કે મારે તેવું ન કરવું જોઈએ. આ સિવાય કોઈ બાબતે પસ્તાવો નથી. હું ખરેખર મૂર્ખ હતી. તેમાંથી કેટલાક લોકો મારા માટે ખૂબ કિંમતી છે. ભૂલથી તેમના દિલ દુભાવ્યા હતા અને હવે તેમને સોરી કહેવામાં મારો ઘણો સમય આપુ છું. એક ઈન્ટરવ્યૂ દરમિયાન શ્રૃતિએ પોતાના રિલેશનશિપ અંગે વાત કરતા કહ્યું હતું કે, બહુ ઝડપથી પ્રભાવિત થઈ જાય છે. દરેકના જીવનમાં એક ખતરનાક એક્સ હોય છે. જો કે દરેક પ્રકરણનું સમાપન કોઈ પસ્તાવા વગર કરવામાં તે માને છે. તેથી ઘણાં લોકો જ્યારે પૂછે છે, ઓહ, આ ક્યા નંબરનો બોય ફ્રેન્ડ છે? ત્યારે હું કહું છું, તમે લોકો માત્ર આંકડા ગણો છે. જ્યારે મારા માટે આ પ્રેમમાં મળેલી નિષ્ફળતાનો આંકડો છે. આ પ્રકારના સવાલોથી દુ:ખ થવું સ્વાભાવિક છે. શ્રૃતિ હાસનને સંખ્યાબંધ સંબંધોમાં નિષ્ફળતા મળેલી છે. જો કે આ નિષ્ફળતા બાબતે તેનું માનવું છે કે, એક સાથે બે માણસોમાં પરિવર્તન આવે તેવું શક્ય નથી. સંબંધોમાં હંમેશા સારા અને વફાદાર રહેવાનું પસંદ કર્યું છે. જો કે આ વાત ખોટી હોત તો લોકોને જવાબો આપવાનું પસંદ કરત નહીં. શ્રૃતિ હાસનની છેલ્લી ફિલ્મ વીર સિમ્હા રેડ્ડી હતી. આ ઉપરાંત વોલ્ટેર વીરૈયા, ધ આઈ, હી નૈના અને સાલાર-૧માં પણ શ્રૃતિ જોવા મળી હતી. હાલ તે લોકેશ કનગરાજના કૂલીમાં કામ કરી છે. આ ઉપરાંત સાલાર ૨ પણ ટૂંક સમયમાં ફ્લોર પર જવાની છે.

સુકેશે કૌભાંડોની શરૂઆત લોટરીથી કરી હતી

કૌભાંડી સુકેશના જીવન આધારિત સિરીઝે જેકલીનની ચિંતા વધારી દીધી



મહાઠગ સુકેશ ચંદ્રશેખર લાંબા સમયથી જેલવાસમાં હોવા છતાં સતત ચર્ચામાં રહે છે. સુકેશની ધરપકડ બાદ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિઝ સાથેની નિકટતાએ ચકચાર જગાવી હતી. રૂ. ૨૦૦ કરોડનું કૌભાંડ આચરવાનો આરોપ સુકેશ પર લાગી રહ્યો છે. સુકેશના કારણે ૨૦૨૧ના વર્ષથી જેકલીનને કોર્ટ અને તપાસ એજન્સીઓના ધક્કા ખાવા પડે છે. સુકેશના જીવન આધારિત ડોક્યુ સિરીઝ બનાવવાની તજવીજે જેકલીનની ચિંતા વધારી દીધી છે. સુકેશ ચક્રવર્તીઓ મોટી ડંફાસો મારી અનેક સેલિબ્રિટીઝ સાથે નિકટતા કેળવી હતી. આ તમામમાં સૌથી વધુ નિકટતા જેકલીન સાથે હતી, જેથી સુકેશ સાથે જેકલીનના અનુભવોને જાણવામાં ડોક્યુ સિરીઝના મેકર્સે ઉત્સુકતા દર્શાવી છે. જેકલીનને કરોડો રૂપિયાની વસ્તુઓ ભેટમાં આપી હોવાનો દાવો સુકેશે કર્યો છે, જ્યારે જેકલિને તેના દાવાઓને નકારી દીધા છે. સુકેશે કૌભાંડોની શરૂઆત લોટરીથી કરી હતી અને બાદમાં મોટા નેતાઓના નામ વટાવી કરોડો રૂપિયાની ઠગાઈ કરી હતી. લક્ઝુરિયસ લાઈફ જીવતા સુકેશે ઘણાં હાઈ પ્રોફાઈલ લોકોને મોંઘી ભેટો આપી હતી. જો કે જેકલીન અને સુકેશના સંબંધો વધારે અંગત હતા. સુકેશની કરતૂતો અને તેની લાઈફસ્ટાઈલ અંગે જેકલીન પાસે જાત માહિતી છે. તેથી ડોક્યુ સિરીઝના મેકર્સ જેકલીન પાસેથી આ તમામ અનુભવો જાણવા ઉત્સુક છે. ડોક્યુ સિરીઝ સાથે વાત કરવામાં જેકલીનને ખાસ વાંધો નથી, પરંતુ તેમાં કયા દૃષ્ટિકોણને રજૂ કરવામાં આવશે તેની જેકલીનને ચિંતા સતાવી રહી છે. સુકેશના જીવન આદારિત સ્ટોરીને સાયકોલોજિકલ થ્રિલરની સાથે એક કેસ સ્ટડીની જેમ રજૂ કરવાનું આયોજન છે. કોર્ટમાં ચાલેલી કાર્યવાહી ઉપરાંત સુકેશે આપેલી કરોડો રૂપિયાની લાંચ અને બનાવટી સોદાઓને પણ ડોક્યુ સિરીઝમાં આવરી લેવાશે. સુકેશ પોતાની ઓળખ કઈ રીતે આપતો હતો અને તેની લાઈફ સ્ટાઈલ કેવી હતી? વગેર જેવી વિગતોને ડોક્યુ સિરીઝમાં સમાવવામાં આવશે. સુકેશના જીવનના વિવિધ પાસાને રજૂ કરવી કવાયત દરમિયાન પોતાને નુકસાન કરે અથવા છાપ બગાડે તેવી કોઈ બાબત બહાર આવી જવાની બીક જેકલીનને લાગી રહી છે.

સુકેશ સાથે સૌથી વધુ નિકટતા હોવાથી ડોક્યુ સિરીઝના મેકર્સને જેકલીનના અનુભવ જાણવા છે

સંતાનોને લાઈમલાઈટથી દૂર રાખવા અનુષ્કા અને વિરાટ લંડન શિફ્ટ થશે

સેલિબ્રિટી કપલ અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી લંડન શિફ્ટ થઈ રહ્યા હોવાનું લાંબા સમયથી કહેવાઈ રહ્યું છે. અનુષ્કા અને વિરાટે આ અંગે કોઈ ખુલાસો કર્યો નથી, પરંતુ તેઓ અવાર-નવાર ઈંગ્લેન્ડમાં જોવા મળે છે. માધુરી દીક્ષિતના પતિ ડૉ. શ્રીરામ નેનેએ આ અંગે ખુલાસો કરતાં જણાવ્યુ હતું કે, દીકરી વામિકા અને દીકરા અકાયને લાઈમલાઈટથી દૂર રહીને ઉછેરવા માટે વિરાટ-અનુષ્કા લંડનમાં સ્થાયી થવા માગે છે. યુટ્યૂબર રણવીર અલાહાબિયા સાથે ચેટ દરમિયાન વિરાટની પ્રશંસા કરતાં નેનેએ કહ્યુ હતું કે, તેઓ અનેક વખત મળ્યા છે. અનુષ્કા શર્મા સાથેની વાતચીતને યાદ કરતાં તેમણે જણાવ્યું હતું કે, તેઓ લંડન શિફ્ટ થવાનું વિચારતા હતા, કારણ કે તેઓ સફળતાને માણી શકતા ન હતા. દરેક જગ્યાએ લોકોની નજર તેમના પર રહેતી હતી અને તેથી સામાન્ય માણસની જેમ રહી શકાતુ ન હતું. પોતાના અનુભવને યાદ કરતાં નેનેએ કહ્યું હતું કે, દરેક જગ્યાએ લોકો સેલ્ફી માટે આવી જાય છે રણવીર અલાહાબાદિયા સાથે વાતચીત દરમિયાન માધુરી દિક્ષિતના પતિ ડૉ. શ્રીરામ નેનેએ ખુલાસો કર્યો, અને બહાર

નીકળવાનું સહેલું રહેતું નથી. વિરાટ અને અનુષ્કા તેમના સંતાનોને સામાન્ય બાળકની જેમ ઉછેરવા માગે છે. વિરાટના બાળપણના મિત્ર રાજકુમાર શર્માએ પણ થોડા સમય પહેલાં જણાવ્યુ હતું કે, સંતાનોના ઉછેર માટે વિરાટ અને અનુષ્કા લંડન શિફ્ટ થવાનું વિચારે છે.

દિગ્દર્શક એસએસ રાજામૌલી નાનીને તેમના ડ્રીમ પ્રોજેક્ટમાં કાસ્ટ કરશે...

એસએસ રાજામૌલી તેમના ડ્રીમ પ્રોજેક્ટ મહાભારત પર કામ શરૂ કરવા જઈ રહ્યા છે. તેમણે પોતાની ફિલ્મ માટે પહેલી કાસ્ટિંગ પણ કરી લીધી છે. રાજામૌલીએ પોતે તે અભિનેતા વિશે જણાવ્યું છે.રાજામૌલીએ મહાભારતમાં અભિનેતા નાનીને કાસ્ટ કરવાની પુષ્ટિ કરી છે.દિગ્દર્શક એસએસ રાજામૌલી તેમની શાનદાર ફિલ્મો માટે જાણીતા છે. બાહુબલી અને પછી આરઆરઆર પછી, રાજામૌલી એક મોટી બ્રાન્ડ બની ગઈ છે. તેમની સાથે કામ કરવું એ દરેક અભિનેતાનું સ્વપ્ન હોય છે. હવે તે પોતાના ડ્રીમ પ્રોજેક્ટ મહાભારત પર કામ કરવા જઈ રહ્યો છે. તેમણે આ ફિલ્મ માટે એક અભિનેતાની પણ પુષ્ટિ કરી છે. એસએસ રાજામૌલીએ પણ હીટ ૨ ના પ્રી-રિલીઝ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન સુમા કનકલા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં, રાજામૌલીએ પુષ્ટિ આપી છે કે તેઓ કયા અભિનેતાને કાસ્ટ કરવા જઈ રહ્યા છે. એસએસ રાજામૌલી હાલમાં મહેશ બાબુ સાથે ફિલ્મ એસએસએમબી ૨૯ પર કામ કરી રહ્યા છે. આ ફિલ્મમાં પ્રિયંકા ચોપરા પણ જોવા મળશે. આ પછી તે પોતાના ડ્રીમ પ્રોજેક્ટ મહાભારત પર કામ શરૂ કરશે.જ્યારે રાજામૌલીને ઈવેન્ટમાં નાનીના કાસ્ટિંગ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે તેની પુષ્ટિ કરી. તેમણે કહ્યું, 'ફક્ત નાનીનું કાસ્ટિંગ નક્કી છે.' રાજામૌલીના આ જવાબ પછી, દર્શકો ખુશ થઈ ગયા અને અભિનેતાનો જોરથી ઉત્સાહ વધાર્યો. નાની પણ આ કાર્યક્રમમાં હાજર હતા. નાનીએ કહ્યું- તે એક ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો હતો, પણ હું કઈ ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો હતો તે કહી શકતો નથી. મને ખબર નહોતી કે તે આવશે કે નહીં. મને લાગ્યું કે મારે તેમને પૂછવું જોઈએ અને તેમણે તરત જ હા પાડી દીધી.



પહેલી હેરાફેરી વર્ષ ૨૦૦૦ માં રિલીઝ થઈ હતી, આ પછી, તે વર્ષ ૨૦૦૬ માં રિલીઝ થઈ હતી

એક્ટર પરેશ રાવલ હેરાફેરીના પાત્રથી કંટાળ્યા, કહ્યું મારે છૂટકારો જોઈએ

પરેશ રાવલે તેમના કરિયરમાં ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે

પરેશ રાવલ ફિલ્મ હેરાફેરી અને તેની સિક્વલમાં બાબુ રાવની ભૂમિકા માટે ખૂબ જ લોકપ્રિય થયા છે, પરંતુ અભિનેતા આ ભૂમિકાથી નારાજ છે અને તેમાંથી મુક્તિ ઈચ્છે છે. પરેશ રાવલે કહ્યું- તે મારા ગળામાં ફાંસો બની ગયું છેપરેશ રાવલે તેમના કરિયરમાં ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે, જેમાંથી એક હેરાફેરી હતી. હેરાફેરીમાં બાબુ રાવનું પાત્ર આજ સુધી બધાનું પ્રિય છે. હવે, પરેશે આ પાત્ર વિશે વાત કરી છે અને કહ્યું છે કે તેને કોમિક ભૂમિકાઓ માટે ટાઈપકાસ્ટ કરવામાં આવ્યો છે. અને હેરાફેરીમાં ભૂમિકા તેના ગળામાં ફંદો બની ગઈ છે. તેમણે કહ્યું કે તેમણે ફિલ્મ નિર્માતા વિશાલ ભારદ્વાજનો સંપર્ક કરીને તેમને કહ્યું કે તેઓ આ ભૂમિકામાંથી છૂટકારો મેળવવા માંગે છે.પરેશે કહ્યું, 'આ ગળામાં ફંદો છે. હું ૨૦૦૭માં વિશાલ ભારદ્વાજજી પાસે ગયો હતો. ભાગ ૨ ૨૦૦૬માં રિલીઝ થયો હતો અને મારી પાસે એક ફિલ્મ હતી. હું મારી આ છબીથી છૂટકારો મેળવવા માંગુ છું. એક જ ગેટઅપમાં અલગ અલગ પ્રકારની ભૂમિકા. તમે એ કરી શકો છો અને મને આપી શકો છો, જે પણ આવે, તેમાં કંઈક છેતરપિંડી તો હશે જ. હું એક અભિનેતા છું, મિત્ર, હું આ દલદલમાં ફસાઈ જવા માંગતો નથી.પરેશે આગળ કહ્યું, 'પછી હું ૨૦૨૨ માં આર બાલ્કી પાસે ગયો. મેં કહ્યું કે કંઈક કરો ' જો આ નહીં તો બીજું કંઈક કરો. મને આ ગેટઅપમાં બીજું કોઈ પાત્ર આપો. મને ગૂંગળામણ થાય છે. મને આમાંથી મુક્તિ જોઈએ છે.આ વર્ષે જાન્યુઆરીમાં પ્રિયદર્શને જાહેરાત કરી હતી કે તે હેરાફેરી ૩ લાવી રહ્યો છે અને તેના દ્વારા ફરી એકવાર અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવલ સાથે આવશે. પહેલી હેરાફેરી વર્ષ ૨૦૦૦ માં રિલીઝ થઈ હતી. આ પછી, તે વર્ષ ૨૦૦૬ માં રિલીઝ થઈ હતી અને હવે ત્રીજા ભાગની રિલીઝ તારીખની રાહ જોવાઈ રહી છે.

૨૦૦૧માં કન્નડ ફિલ્મ કિસથી ડેબ્યૂ કર્યું હતું

પુષ્પા - ૨ ફેમ દક્ષિણ ભારતીય શ્રીલીલાએ બાળકી દતક લીધી

પુષ્પા ૨ માં ''થપ્પડ મારુંગી'' ગીતથી બધાને દિવાના બનાવનાર દક્ષિણ ભારતીય અભિનેત્રી શ્રીલીલાએ હવે કંઈક એવું કર્યું છે જે તમને તેના વધુ મોટા ચાહક બનાવશે. આપણે તેમની ફિલ્મ કે ગીત વિશે નહીં પણ તેમના અંગત જીવન વિશે વાત કરી રહ્યા છીએ. ખરેખર, શ્રીલીલાએ સોશિયલ મીડિયા પર એક નવી પોસ્ટ પોસ્ટ કરી છે જેમાં તે એક બાળકી સાથે જોવા મળી રહી છે અને આ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ફોટા શેર કરતા શ્રીલીલાએ લખ્યું, 'ઘરમાં બીજા નવા વ્યક્તિનો પ્રવેશ, અમારા હૃદયમાં તમારો પ્રવેશ.શ્રીલીલાના વ્યાવસાયિક જીવન વિશે વાત કરીએ તો, તે હવે બોલિવૂડમાં ડેબ્યૂ માટે તૈયાર છે. તે અનુરાગ બાસુની ફિલ્મમાં કાર્તિક આર્યન સાથે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. જ્યારથી બંનેએ ફિલ્મમાં કામ કરવાનું શરૂ કર્યું છે, ત્યારથી તેમના અફેરના સમાચાર સામે આવી રહ્યા છે. ચાહકોએ પણ ઘણી વખત બંનેને સાથે જોયા છે. કાર્તિક પણ શ્રીલીલાના પારિવારિક કાર્યક્રમમાં હાજરી આપી હતી. જોકે, બંનેએ હજુ સુધી આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી.શ્રીલીલા વિશે વાત કરીએ તો, તેણીએ ૨૦૦૧ માં કન્નડ ફિલ્મ કિસથી ડેબ્યૂ કર્યું હતું. આ પછી તેણે તેલુગુ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. અભિનય ઉપરાંત, શ્રીલીલા એક તાલીમ પામેલી ભરતનાટ્યમ નૃત્યાંગના પણ છે. વર્ષ ૨૦૨૧ માં, શ્રીલીલાએ MBBS ની ડિગ્રી પૂર્ણ કરી. વર્ષ ૨૦૨૨ માં, ૨૧ વર્ષની ઉંમરે, શ્રીલીલાએ એક અનાથાશ્રમમાંથી ૨ બાળકોને દત્તક લીધા. શ્રીલીલાને આધુનિક યુગનું રોલ મોડેલ કહેવામાં આવે છે.

આમિરની દીકરી આયરાની વ્યથા | **આવક મેળવવા કરતાં વધારે જરૂરી લોકોને મદદરૂપ થવાનું છે**

હું ૨૭ વર્ષની થઈ હજુ કંઈ કમાતી નથી : આયરા ખાન

આમિર ખાન અને તેની દીકરી આયરા ખાન મેન્ટલ હેલ્થ બાબતે જાગૃતિ લાવવા અનેક વાર પ્રયાસ કરતા હોય છે. આમિરની આગામી ફિલ્મ સિતારેં જમીન પરનો વિષય પણ મેન્ટલ હેલ્થ આધારિત છે. આમિર અને તેમની દીકરી આયરાએ એક વાતચીત દરમિયાન આ બાબતે વધુ ચર્ચા કરી હતી. આયરાએ પોતાના મનમાં ઘર કરી ગયેલા અપરાધ ભાવ અને જીવનમાં ઉદ્દેશ શોધવા ચાલતી મથામણ અંગે વાત કરી હતી. આયરાએ જણાવ્યુ હતું કે, ૨૬-૨૭ વર્ષની ઉંમર થવા છતાં હજુ પોતે કંઈ કરતી નથી, તેવો ભાર મન પર રહ્યા કરે છે. આયરાએ મેન્ટલ હેલ્થ ડાઉન્ડેશન અગાત્સુની સ્થાપના કરી છે. આયરાએ આ સંસ્થા શરૂ કરતાં પહેલા વેઠેલા માનસિક સંઘર્ષ અંગે વાત કરતા કહ્યું હતું કે, માતા-પિતાએ મારા પર ઘણો ખર્ચ કર્યો છે. હું ૨૬-૨૭

વર્ષની છું અને દુનિયામાં બેકાર વ્યક્તિ છું. હું કંઈ કરતી નથી. દીકરીની આ નિખાલસ કબૂલાત પર સ્પષ્ટતા કરતા આમિરે કહ્યુ હતું કે, આયરા કહેવા માગે છે, તે પેસા નથી કમાતી. કંઈ સારુ કામ નથી કરતી તેવું આયરા માને છે. આમિરે કમાણી સંદર્ભે સમાજની માનસિકતા અંગે વાત કરતા કહ્યું હતું કે, કેટલાક માણસો લોકોના કામમાં આવે છે અને તેના બદલામાં આવક મેળવે છે. જો કે નાણાં લેવા અથવા નહીં લેવા તે પસંદગીનો વિષય છે. લોકોના કામમાં આવીએ એટલું પૂરતું છે 'અગાત્સુ'માં આયરાના કામની વાત કરતા આમિરે કહ્યું હતું કે, તમે ઘણાં લોકોની મદદ કરી રહ્યા છો અને પિતા તરીકે મારા માટે આ મોટી વાત છે. તમે નાણાં કમાવ છો કે નહીં, તે મારા માટે મહત્ત્વનું નથી. સારુ કામ કરી રહ્યા છો, તે મારા માટે મહત્ત્વનું છે. જીવનમાં નાણાના મૂલ્ય અંગે વાત કરતા આમિરે કહ્યું હતું કે, સમાજની દૃષ્ટિએ તે પ્રોમિસરી નોટ જેવું છે. દરેક માણસે તેનું મૂલ્ય સ્વીકાર્યું છે, ના સ્વીકાર્યું હોત તે માત્ર કાગળના ટુકડા જ હોત. સફળતાના માપદંડ તરીકે નાણાને જોવાની માનસિકતામાં કેટલાક માણસો અનફિટ હોઈ શકે છે, પરંતુ તેનાથી તેમનું મૂલ્ય ઘટી જતું નથી. દીકરીને સલાહ આપતાં આમિરે કહ્યું હતું કે, જીવનનો ઉદ્દેશ સમજો અને લોકોના કામ કરો તે પૂરતું છે.

૨૬-૨૭ એપ્રિલના રોજ આણંદ જિલ્લાના ડાભો ગામ સ્થિત નિયોઝ રિસોર્ટ એન્ડ ક્લબ ખાતે

ICSIના WIRCના અમદાવાદ ચેપ્ટર દ્વારા બે દિવસીય રહેણાંક પરિષદનું અવિસ્મરણીય આયોજન

। અમદાવાદ, તા.૨૯ ।

ICSI અમદાવાદ ચેપ્ટર **(WIRC)** ને **ICSI** વડોદરા ચેપ્ટરના સહયોગથી "ઈનોવેટ, ઈલુમિનેટ અને એક્સેલ" થીમ પર આ કોન્ફરન્સનું આયોજન કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું. આઈકોનિક નિયોન્ઝ રિસોર્ટ (જિલ્લો આણંદ, ગુજરાત) ખાતે આયોજિત આ ભવ્ય કાર્યક્રમમાં ૧૬૦ થી વધુ સભ્યોની ભૌતિક ભાગીદારી જોવા મળી અને ૧૨૦ થી વધુ સભ્યો વર્ચ્યુઅલી જોડાયા. કોન્ફરન્સમાં ગુજરાતના અન્ય તમામ **ICSI** ચેપ્ટર્સ જેમ કે વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર (ગિફ્ટ સિટી) ના ચેરમેન અને તેમની મેનેજિંગ કમિટીના ઘણા સભ્યોએ પણ ભાગ લીધો હતો. સભ્યોને ઘણા દિગ્ગજોએ સંબોધિત કર્યા હતા.

૨૬ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ આ કોન્ફરન્સના ઉદ્ઘાટન સત્રમાં શિલ્પ ગ્રુપના સ્થાપક અને સીઈઓ શ્રી યશ બ્રહ્મભટ્ટ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન સત્રને આઈસીએસઆઈના તાત્કાલિક ભૂતપૂર્વ પ્રમુખ સીએસ બી. નરસિંહન દ્વારા પણ સંબોધિત કરવામાં આવ્યું હતું.

બે દિવસના આ કાર્યક્રમમાં કંપની સેક્રેટરીની બદલાતી ભૂમિકા પર ચર્ચા કરવામાં આવી હતી અને નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું:

- **IFSC** માં કંપની સેક્રેટરીઓની ભૂમિકા અને તકો
- ડેટા ગવર્નન્સ અને તેના માળખામાં સીએસની ભૂમિકા
- **FEMA** પર આંતરદૃષ્ટિ
- કોર્પોરેટ ગવર્નન્સની પુનઃકલ્પના
- સચિવાલય ઓડિટની નાજુકતાઃ અપેક્ષાઓ વિરુદ્ધ વાસ્તવિકતા
- વિઝન ૨૦૪૭ - ઉભરતા નિયમનકારી પડકારો - સીએસની ભૂમિકા

પ્રથમ દિવસે, લંચ પહેલાના સત્રમાં, **IFSCA** ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, **CS** પ્રદીપ રામકૃષ્ણને **IFSC** (ઈન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસીસ સેન્ટર) માં કંપની સેક્રેટરીઓની ભૂમિકા અને તકો પર વાત કરી. લંચ પછીના પ્રથમ સત્રમાં, **TATA** કન્સલ્ટિંગ એન્જિનિયર્સ લિમિટેડના કંપની સેક્રેટરી, **CS** સચિન મિશ્રાએ ડેટા ગવર્નન્સમાં **CS** ની ભૂમિકા અને તેના માળખા પર વાત કરી. બીજા લંચ પછીના સત્રમાં, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના એસોસિયેટ ડિરેક્ટર શ્રી સંજય દંબીરે **FEMA** પર સમજ આપી.

૨૭ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ કોન્ફરન્સના બીજા દિવસે, અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડના કંપની સેક્રેટરી અને જોઈન્ટ પ્રેસિડેન્ટ (લીગલ) સીએસ જતીન જલુંધવાલા અને અદાણીના ગવર્નન્સના ગ્રુપ હેડ સીએસ પુનીત બંસલે કોર્પોરેટ ગવર્નન્સની પુનઃકલ્પના પર વાત કરી. ત્યારબાદ, ખાસ મહેમાન, ધ આઈસીએસઆઈના પ્રમુખ સીએસ ધનંજય શુક્લાએ, ધ આઈસીએસઆઈના ભૂતપૂર્વ પ્રમુખ સીએસ મનીષ ગુપ્તા, ધ આઈસીએસઆઈના તાત્કાલિક ભૂતપૂર્વ પ્રમુખ સીએસ બી. નરસિંહન અને ધ આઈસીએસઆઈના સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર સીએસ રાજેશ તારપરા અને ધ આઈસીએસઆઈના અમદાવાદ ચેપ્ટરના ચેરપર્સન સીએસ કવિતા ખત્રી સાથે ભાગ લેનારા પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી. પોતાનો આનંદ વ્યક્ત કરતા, ખાસ મહેમાન, **ICSI**ના પ્રમુખ સીએસ ધનંજય શુક્લાએ જણાવ્યું હતું કે કંપની સેક્રેટરીઓ આજે સંસ્થાઓને પારદર્શિતા, જવાબદારી અને નૈતિક નિર્ણય લેવાની સંસ્કૃતિ સ્થાપિત કરવામાં મદદ કરવા માટે અનન્ય રીતે સ્થાન ધરાવે છે. આ પ્રકારના ક્ષમતા નિર્માણ કાર્યક્રમો તકોનો લાભ લેવા અને કોર્પોરેટ કાયદા અને શાસનની જટિલતાઓને દૂર કરવામાં ખૂબ મદદ કરે છે.

આગામી સત્રમાં, **ICSI** ના ભૂતપૂર્વ પ્રમુખ, **CS** મનીષ ગુપ્તાએ **"Nitty-Gritty of Secretarial Audit: Expectations vs Reality"** વિષય પર વાત કરી, ત્યારબાદ **"Vision 2047 - Emerging Regulatory Challenges - Role of CS"** વિષય પર પેનલ ચર્ચા થઈ, જેમાં **CS** મનીષ ગુપ્તા, ભૂતપૂર્વ પ્રમુખ, **ICSI** ના સેન્ટ્રલ કાઉન્સિલ સભ્ય, **CS** રાજેશ તારપરા જોડાયા.

અંબુજા સિમેન્ટ્સે વાર્ષિક ૧૦૦ મેટ્રિક ટન ક્ષમતાનો આંક વટાવ્યો વાર્ષિક ધોરણે કર બાદનો નફો ૯% વધી રૂ.૫,૧૫૮ કરોડે પહોંચ્યો

। અમદાવાદ, તા.૨૯ ।

વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બાંધકામ સામગ્રી કંપની અંબુજા સિમેન્ટ્સએ અંતિમ ક્વાર્ટર અને ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ પૂરા થયેલા સંપૂર્ણ વર્ષ માટે એકીકૃત ધોરણે તેના સંગીન નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. આ સમયગાળા દરમિયાન વાર્ષિક ધોરણે વોલ્યુમ સૌથી વધુ ૧૦% વધી ૬૫.૨ મિલીયન ટન થયું છે. જ્યારે વાર્ષિક ધોરણે આવક સૌથી વધુ ૬% વધીને રૂ.૩૫,૦૪૫ કરોડ થઈ છે. વાર્ષિક ધોરણે એબિટ્ડા ૧૦% ઉંચો રહેવા સાથે રૂ.૧,૮૬૮ કરોડ રહ્યો છે.એકીકૃત કર બાદનો નફો ૭૫% ઉંચો રહી રુ.૯૨૯ કરોડ વધ્યો છે. રોકડ અને રોકડ સમકક્ષ રુ.૧૦,૧૨૫ કરોડ રહી છે. ક્વાર્ટર દરમિયાન **EPS** રુ.૩.૮૮ રહ્યો છે.કંપનીએ ઈક્વિટી શેર્સ દીઠ રૂ.૨. ડિવિડન્ડ જાહેર કર્યું છે.

અંબુજા સિમેન્ટસના પૂર્ણકાલિન ડાયરેકટર અને સી.ઈ.ઓ. વિનોદ બાહેટીએ જણાવ્યું હતું કે અંબુજા સિમેન્ટસની કામગીરીની સફરમાં આ વર્ષમાં અમે વાર્ષિક ૧૦૦ મેટ્રિક ટનની ક્ષમતા વટાવીને એક ઐતિહાસિક સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે. વધુમાં દેશભરમાં અમારી વિસ્તરણની કામગીરી વિવિધ તબક્કે ચાલી રહી છે, જે નાણાકીય વર્ષ -૨૦૨૬ ના અંત સુધીમાં અમારી ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૧૧૮ મેટ્રિક ટનના આંકને હાંસલ કરવામાં મદદ કરશે. આ એક નોંધપાત્ર કદમ છે જે અમોનને ૨૦૨૮ની સાલ સુધીમાં વાર્ષિક ૧૪૦ મેટ્રિક ટનના અમારા લક્ષ્યની નજીક લાવશે. વાર્ષિક ૧૦૦ મેટ્રિક ટન એ માત્ર એક સિમાચિહ્ન સંખ્યા જ નથી,પણ તે અમારી મહત્વાકાંક્ષા, સ્થિતિસ્થાપકતા અને હેતુનું ચિહ્ન છે. જેમ જેમ ભારત ૧૦ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા માટેનો પાયો બનાવી રહ્યું છે તેની સાથે કદમ મિલાવી અમે દેશના માળખાકીય સુવિધાના નિર્માણમાં અમારી ભૂમિકા માટે પ્રતિબદ્ધ છીએ જે વિકાસને સશક્ત બનાવે છે, સમુદાયોને જોડે છે અને આવતીકાલની હરિયાળીને ટેકો આપે છે. 'હમ કરકે દિખાતે હૈ' હેતુ દ્વારા સંચાલિત અને પ્રગતિ દ્વારા વ્યાખ્યાયિત છે. આ સમય ગાળામાં પશ્ચિમ બંગાળના ફરાક્કામાં વાર્ષિક ૦.૫ મેટ્રિક ટનનું વિવિધ છોડમાં ડિબોટલેનેકિંગ કરતું વાર્ષિક ૨.૪ મેટ્રિક ટન ક્ષમતાનું બ્રાઉનફિલ્ડ પ્લેંનું વિસ્તરણની સફળતાપૂર્વક શરુઆત કરી છે. ઓરિએન્ટ સિમેન્ટનું હસ્તાંતરણ સફળતા પૂર્વક પૂર્ણ કર્યું છે. વાર્ષિક ૧૦૦ મેટ્રિક ટન સાથે અંબુજા હવે વિશ્વની સૌથી મોટી નવમી સિમેન્ટ કંપની છે ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે વોલ્યુમમાં ૧૩%ની સૌથી વધુ વૃધ્ધિ સાથે ત્રિમાસિક વોલ્યુમ વૃદ્ધિ વાર્ષિક ૧૮.૭ મિલીયન ટન થઇ છે. આ સમયગાળામાં એબિડ્ટા મેટ્રિક ટન દીઠ ૧૮.૯% માર્જિન પર રુ.૧,૦૦૧ રહ્યો છે. જે ગત વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં મેટ્રિક ટન દીઠ (બિન-પુનરાવર્તિત રૂ. ૮૨૬ કરોડની સરકારની ગ્રાન્ટને બાદ કરતાં) રુ.૫૩૭ રહ્યો છે.

તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

મનપ્રીતસિંહ રાઠોડની ઝાલોદ એ.પી.એમ.સીના વાઇસ ચેરમેન તરીકે બિનહરીફ વરણી થતાં મોટા પ્રમાણમાં શુભેચ્છકો શુભકામનાઓ આપવા ઉમટી પડેલ હતા.

ગાંધીનગર કેપિટલ-વેરાવળ સોમનાથ એક્સપ્રેસમાં એક સ્લીપર ક્લાસ કોચનો હંગામી વધારો

। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ગાંધીનગર કેપિટલ-વેરાવળ સોમનાથ એક્સપ્રેસમાં એક સ્લીપર ક્લાસનો કોચ હંગામી ધોરણે વધારાનો જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો આ મુજબ છે :

ટ્રેન નંબર ૨૨૯૫૮/૨૨૯૫૭ ગાંધીનગર કેપિટલ-વેરાવળ-ગાંધીનગર કેપિટલ સોમનાથ એક્સપ્રેસમાં ૦૨ મે ૨૦૨૫ થી ૧૪ મે ૨૦૨૫ સુધી ગાંધીનગર કેપિટલથી તથા ૦૧ મે ૨૦૨૫ થી ૧૩ મે ૨૦૨૫ સુધી વેરાવળથી એક સ્લીપર ક્લાસનો વધારાનો કોચ જોડવામાં આવશે.

ટ્રેનોના સમય, રોકાણ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, યાત્રી કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

સમાજના ગ્રુપમાં વીડિયો મૂકી પરિણીતાએ આપઘાત કર્યો

। અમદાવાદ, તા.૨૯ ।

ખાડિયા વિસ્તારમાં શ્રીજી રેસિડેન્સીમાં રહેતી પરિણીતાએ આપઘાત કર્યો હતો. પરિણીતાના લગ્નના ત્રણ માસ બાદથી સાસરિયાં ત્રાસ ગુજારતા હતા. પરિણીતાનો પતિ કામ બાબતે ઝઘડો કરીને ત્રાસ આપતો હતો. પરિણીતાના એક ભાઈ સાથે નણંદના લગ્ન થયા હતા, આ નણંદે છૂટાછેડા આપવા હોય તો મારા ભાઈને એક બાળક જણી આપ તેમ કહીને ત્રાસ આપ્યો હતો. સાસરિયાંના ત્રાસથી કંટાળીને પરિણીતાએ સમાજના ગ્રૂપમાં એક વીડિયો મૂકીને ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ખાડિયા પોલીસે પતિ સહિતના પાંચ લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૂળ રાજસ્થાનની ૨૮ વર્ષીય મોહિનીના ૨૦૨૨માં ખાડિયામાં રહેતા ભરત પ્રજાપતિ સાથે લગ્ન થયા હતા. મોહિનીની નણંદ સાથે એક ભાઈના સાટાપેટે લગ્ન કર્યા હતા.

રેલવે સંરક્ષામાં ઉત્કૃષ્ટ કામ માટે ૯ રેલવે કર્મચારી સન્માનિત

। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર **(DRM)** શ્રી સુધીર કુમાર શર્માએ મંડળના ૦૯ રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં ઉત્કૃષ્ટ કામ અમલીકરણ માટે સન્માનિત કર્યા. આ રેલવે કર્મચારીઓને ડ્યૂટી દરમિયાન તેમની સજાગતા અને સતર્કતાને કારણે અમંગળ ઘટનાઓને રોકવામાં તેમના ફાળા બદલ પ્રમાણ-પત્ર અને સ્મૃતિચિહ્ન એનાયત કરીને સન્માનિત કર્યા.

વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી શ્રી ઉમેશ પ્રસાદના જણાવ્યા મુજબ શ્રી આશીષ કુમાર બી ગુડ્ઝ ટ્રેન મેનેજર-ગાંધીધામ, શ્રી સુનીલ કુમાર સ્ટેશન માસ્ટર-પિપળી, શ્રી રાકેશ મીણા કાંટેવાલા-ડીસા, શ્રી અરવિંદ કુમાર શર્મા સ્ટેશન માસ્ટર-મીઠા, શ્રી પુષ્કર ચૌધરી સ્ટેશન માસ્ટર –મીઠા, શ્રી સંતોષ કુમાર પોઈન્ટ્સમેન-મીઠા, શ્રી વિપુલ ચૌહાણ લોકો પાયલટ-સાબરમતી, શ્રી ધનંજય શર્મા સ્ટેશન માસ્ટર-વસઈ તીર્થ રોડ તથા શ્રી ક્ષિતિજ સિંહ રાઠોડ સ્ટેશન માસ્ટર-લખપતને અનિચ્છનિય ઘટનાઓ જેવી કે બ્રેકવાની સેન્ટર પિન તૂટેલી જાણવી, વેગનથી હેવી લીકેજ દેખાવું, તીવ્ર બર્નિંગ સ્મેલનો અનુભવ થવો, વેગનથી ધુમાડો નીકળતા જોવો વગેરે ઘટનાઓ પર તરત જ યોગ્ય કાર્યવાહી કરીને સંભવિત નુકસાનથી બચાવ્યા છે.

મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ આ સજાગ સંરક્ષા રેલવે પ્રહરીનો ઉત્સાહ વધાર્યો અને જણાવ્યું કે યાત્રીઓની સંરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારી પોતાની ડ્યૂટી દરમિયાન સજાગતા અને સતર્કતાથી કામ કરે છે ત્યારે અમને સેફ ટ્રેન વર્કિંગમાં મદદ મળે છે. અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂના હસ્તે સન્માન

૧૩૯માંથી ૭૧ હસ્તીઓને પદ્મ પુરસ્કારથી કરાયા સન્માનિત

। નવીદિલ્હી, તા.૨૯ ।

ગણતંત્ર દિવસ(૨૬ જાન્યુઆરી)ની પૂર્વ સંધ્યાએ પદ્મ પુરસ્કારોના એલાન બાદ આજે (૨૮ એપ્રિલ) રાષ્ટ્રપતિ ભવનમાં પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ પદ્મ પુરસ્કાર વિજેતાઓને સન્માનિત કર્યા. પદ્મ પુરસ્કારોનું વિતરણ બે તબક્કામાં કરાશે. જેમાં આજે ૭૧ વિભૂતિઓને સન્માનિત કરાઈ છે. જેમાં ૪ પદ્મવિભૂષણ, ૧૦ પદ્મવિભૂષણ અને ૫૭ પદ્મશ્રી સામેલ છે. જ્યારે બાકીના ૬૮ પદ્મ વિજેતાને બીજા તબક્કામાં આગામી મહિને સન્માનિત કરાશે. આ વર્ષે ૧૩૯ હસ્તીઓની પસંદગી પદ્મ પુરસ્કારો માટે કરાઈ હતી, જેમાં ૭ પદ્મ વિભૂષણ, ૧૯ પદ્મ ભૂષણ અને ૧૧૩ પદ્મશ્રી સામેલ છે. ૧૩ લોકોને મરણોપરાંત પદ્મ પુરસ્કારોથી સન્માનિત કરાશે. જેમાં ભોજપુરી સિંગર શારદા સિન્હા, સુઝુકી કંપનીના ઓસામુ સુઝુકી(મરણોપરાંત), સુશીલ

કુમાર મોદી (મરણોપરાંત), આર. અશ્વિન, નંદમુરી બાલકૃષ્ણા, એલ. સુબ્રમણ્યમ, અરુંધતિ ભટ્ટાચાર્ય, પવન કુમાર ગોયનકા, મનોહર જોશી, ડી. નાગેશ્વર રેડ્ડી અને એમ.ટી. વાસુદેવન નાયર (મરણોપરાંત)નું નામ પણ સામેલ છે. આ વખતે પુરસ્કાર મેળવનારા લોકોમાં ૨૩ મહિલાઓ છે. યાદીમાં ૧૦ વિદેશી, એનઆરઆઈ, પીઆઈઓ, ઓસસીઆઈ શ્રેણીના વ્યક્તિ સામેલ છે.

ફુલપુરા પ્રાથમિક શાળાના શિક્ષકને પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ

તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

માધવ ચેરીટેબલ ટ્રસ્ટ કપડવંજ બ્રહ્મ, સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા, અનંતા એજ્યુકેશન અને વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સરગાસણ ગાંધીનગર તથા પર્યાવરણ સંરક્ષણ પ્રકલ્પ સંયોજકતાના ઉપક્રમે ગાંધીનગરના ટાઉનહોલમાં પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આજના ગ્લોબલ વોર્મિંગના સમયમાં પર્યાવરણ માટે પ્લાસ્ટિક મુક્ત ભારત અને શાળા હરિયાળી, શાળા સ્વચ્છતા, વૃક્ષારોપણ અંતર્ગત કાર્ય કરનાર શિક્ષકો માટેના આ એવોર્ડ કાર્યક્રમમાં રાજ્યભરના ૩૩ જિલ્લામાં થી ૨૫૨૫ જેટલા શિક્ષકો જોડાયા હતા. આપણા દાહોદ જિલ્લાના પર્યાવરણ પ્રેમી ૨૯ શિક્ષકો અને ઝાલોદ તાલુકાની ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી પરમાર નરેશભાઈ દશરથભાઈ ને શીલ્ડ અને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા.

આજનું રાશિ ભવિષ્ય.....

મેષ (અ,લ,ઇ) :

આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.

વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. મતભેદોને કારણે અંગત સંબંધો તૂટી શકે છે.

મિથુન (ક,છ,ઘ) :

આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.

કર્ક (ડ,હ) :

આજના દિવસે સવારે કરવામાં આવેલ યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.

સિંહ (મ,ટ) :

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. સાવધાન રહો કેમ કે કોઈક તમારી છબીને બટ્ટો લગાડવાની કોશિષ કરી શકે છે. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ? જો બોલવાનું જરૂરી ના હોય તો શાંત રહો.

કન્યા (પ,ઠ,ણ) :

આજે તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો.

તુલા (ર,ત) :

આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે.

વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે તમારા વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે.

ધન (ભ,ધ,ફ) :

આજે કોઈ વાત પર નિરાશ ન થાવ. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે. તમારી જાતને અન્યો માટે રોલ મોડેલ બનાવવા માટે સખત મહેનત કરો.

મકર (ખ,જ) :

આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? કામનું ટેન્શન તમારા મગજને ઘેરી વળશે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નહીં બચે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.

કુંભ (ગ,શ,સ) :

આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શેર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂર્તતા અને આઝાદી આપશે.

મીન (દ,ચ,ઝ,થ) :

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જ્યારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે.

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી YUGM ઇનોવેશન કોન્ક્લેવમાં હાજર રહ્યા.

ગોલ્ડન અવર ટ્રીટમેન્ટ માટે કોઈ યોજના નથી

તમે મોટા હાઇવે બનાવી રહ્યા છો, સુવિધાને અભાવે લોકો મરી રહ્યાં છેઃ સુપ્રીમ કોર્ટ

સર્વોચ્ચ અદાલતના આકરા વલણ પછી એક સપ્તાહમાં સ્કીમ અમલી બનાવવાની સરકારની રજૂઆત

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૯ ।

માર્ગ અકસ્માતના પીડિતોની સારવાર માટે કેશલેસ યોજના બનાવવામાં વિલંબ બદલ કેન્દ્ર સરકારની આકરી ઝાટકણી કાઢતા સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે તમે મોટા-મોટા હાઈવે બનાવી રહ્યા છો, પરંતુ સુવિધાઓના અભાવે લોકો ત્યાં મરી રહ્યાં છે.ન્યાયાધીશ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની બનેલી ખંડપીઠે અવલોકન કર્યું હતું કે ૮ જાન્યુઆરીએ આદેશ અપાયો હોવા છતાં કેન્દ્રએ ન તો તેનું પાલન કર્યું કે ન તો સમય વધારવાની માંગણી કરી છે. મોટર વાહન ધારાની કલમ ૧૬૪એ પહેલી એપ્રિલ, ૨૦૨૨એ ત્રણ વર્ષ માટે અમલી બનાવામાં

આવી હોવા છતાં કેન્દ્રે દાવેદારોને વચગાળાની રાહત માટે યોજના બનાવીને તેનો અમલ કર્યો નથી. તમે કોર્ટનો તિરસ્કાર કરી રહ્યો છો. તમે સમય વધારવાની માગણી કરવાની પણ પરવા કરી નથી. આ શું ચાલી રહ્યું છે? તમે અમને કહો કે તમે યોજના ક્યારે બનાવશો? તમને તમારા પોતાના કાયદાઓની પરવા નથી. આ જોગવાઈ લાગુ થયાને ત્રણ વર્ષ થયા છે. શું તમે ખરેખર સામાન્ય માણસના કલ્યાણ માટે કામ કરી રહ્યા છો? સર્વોચ્ચ અદાલતે માર્ગ પરિવહન મંત્રાલયના સચિવને આકરા સવાલ કર્યા હતાં કે શું તમે હળવાશથી લઈ રહ્યો છો? શું તમે આ જોગવાઈ પ્રત્યે ગંભીર નથી? લોકો માર્ગ અકસ્માતમાં મરી રહ્યા છે. તમે મોટા હાઈવે બનાવી રહ્યા છો, પણ ત્યાં કોઈ સુવિધા ન હોવાથી લોકો મરી રહ્યા છે. ગોલ્ડન અવર ટ્રીટમેન્ટ માટે કોઈ યોજના નથી. આટલા બધા હાઈવે બનાવવાનો શું ઉપયોગ? કોર્ટે આ યોજનામાં વિલંબના કારણો સમજાવવા માટે અધિકારીને સમન્સ કર્યા હતાં. સોમવારે સચિવે જણાવ્યું હતું કે એક ડ્રાફ્ટ સ્કીમ તૈયાર કરાઈ હતી. પરંતુ જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલએ વાંધો ઉઠાવતા અવરોધ ઉભો થયો છે.

ભારતીય સેના ગમે ત્યારે પાકિસ્તાનમાં ઘૂસી શકે છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૯ ।

પહેલગામમાં આતંકવાદીઓએ ૨૬ પ્રવાસીઓને મોતને ઘાટ ઉતાર્યા બાદ ભારત -પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. ભારતે પાકિસ્તાન પર સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કરવા સહિતના અનેક પ્રકારના પ્રતિબંધો લાદી દીધા છે, તો બીજીતરફ આતંકવાદીઓને પોષતો પાકિસ્તાન નફ્ફટાઈની હદ વટાવી ભારત વિરુદ્ધ ઝેર ઓકવાનું શરૂ કરી દીધું છે. હવે સ્થિતિ એવી છે કે, પાકિસ્તાનના વડાપ્રધાનની લઈને તમામ નેતાઓને યુદ્ધનો ડર સતાવી રહ્યો છે અને તેઓએ ભારતને પોકળ ધમકીઓ આપી રહ્યા છે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીને પણ યુદ્ધનો ડર સતાવી રહ્યો છે અને તેમને દાવા સાથે કહ્યું છે કે, ભારતીય સેના ગમે ત્યારે પાકિસ્તાનમાં ઘૂસી શકે છે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા મોહમ્મદ આસિફે આજે (૨૮ એપ્રિલ) કહ્યું કે, પહલગામમાં આતંકી હુમલો થયા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ઉગ્ર સ્થિતિ ઉભી થઈ છે. બંને દેશો વચ્ચેનો તણાવ ગમે ત્યારે યુદ્ધમાં બદલાઈ શકે છે. તેમણે કહ્યું કે, પહલગામ હુમલા બાદ પડોશી ભારત દ્વારા ગમે ત્યારે સૈન્ય આક્રમણ થવું શક્ય છે, કારણ કે પરમાણુ શસ્ત્રો ધરાવતા બંને દેશો વચ્ચે તણાવ વધી રહ્યા છે. આસિફે પણ ભારતને પોકળ ધમકી આપી છે અને રોયટર્સને કહ્યું કે, 'અમે અમારી સેનાને મજબૂત કરી દીધી છે, કારણ કે હાલ આ ખૂબ જ જરૂરી થઈ ગયું છે. આવી સ્થિતિમાં કેટલાક રણનીતિક નિર્ણયો લેવા પડે છે અને તે નિર્ણયો લઈ લીધા છે.' ઉલ્લેખનીય છે કે, પહલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદીઓએ આડેધડ ગોળીબાર કરી ૨૬ પ્રવાસીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા. ત્યારબાદ ભારતભરમાં રોષ ફેલાયો છે. સાથે જ પાકિસ્તાન વિરુદ્ધ આકરી કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.

ભારત સાથે યુદ્ધ ના જ થાય તો સારું : નવાઝ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૯ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન અને ભારત વચ્ચે તંગદિલીનો માહોલ છે. ભારત હુમલાનો જડબાતોડ જવાબ આપવા સજ્જ છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને PML-Nના અધ્યક્ષ નવાઝ શરીફે ભારત સાથે યુદ્ધ ન કરવા સલાહ આપી છે. તેમજ શાંતિપૂર્ણ ઉકેલો લાવવા અપીલ કરી છે. પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં ગઈકાલે (૨૭ એપ્રિલ) પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝના અધ્યક્ષ નવાઝ શરીફને વડાપ્રધાન શાહબાઝ શરીફે રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠકમાં લીધેલા નિર્ણયો વિશે માહિતી આપી હતી. આ બેઠક ભારત દ્વારા સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કર્યા બાદ બોલાવવામાં આવી હતી. જેમાં શાહબાઝે નવાઝ શરીફને જણાવ્યું કે, આ એક ફોલ્સ ફ્લેગ ઓપરેશન હતું. જે ભારતીયો દ્વારા જાણીજોઈને કરવામાં આવ્યું હતું. જેથી અસ્થિરતાનો માહોલ ઊભો કરી શકાય. ભારતના આ આકરા પગલાંથી બંને દેશો વચ્ચે યુદ્ધનું જોખમ વધ્યું છે. શાહબાઝે કહ્યું કે, આતંકવાદને પોષનારું પાકિસ્તાન શાંતિ માટે પ્રતિબદ્ધ છે. પરંતુ દેશની સુરક્ષા સાથે કોઈ સમાધાન કરીશું નહીં. જો કે, બીજી તરફ નવાઝ શરીફે બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપિત કરવા ઉકેલ શોધવા હિમાયત કરી હતી. નવાઝ આક્રમક વલણ અપનાવવા માગતા નથી. PML-Nના નેતાઓએ જણાવ્યું હતું કે, નવાઝ શરીફે વડાપ્રધાનને શાંતિપૂર્ણ ઉકેલો શોધવા અપીલ કરી છે.

પહેલગામ આતંકી હુમલા પછી ભારત સાથેની તંગદિલીમાં વધારો થયો

એલર્ટ છીએ, ભારત ગમે ત્યારે હુમલો કરી શકે છેઃ ખ્વાજા

પહેલગામ હુમલા પછી સતત ફફડાટમાં રહેલા પાકિસ્તાનના રક્ષામંત્રીનો દાવોઃ જોકે પરમાણુ શસ્ત્રોના હુમલાની ધમકી આપી

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૨૯ ।

પહેલગામ આતંકી હુમલા પછી ભારત સાથેની તંગદિલીમાં વધારો થયો છે ત્યારે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે સોમવારે જણાવ્યું હતું કે ભારત ટૂંક સમયમાં લશ્કરી આક્રમણ કરશે. ઈસ્લામાબાદ હાઇ એલર્ટ પર છે અને જો અમારા અસ્તિત્વ માટે સીધો ખતરો હશે તો અમે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરીશું. ન્યૂઝ એજન્સીને આપેલા એક ઈન્ટરવ્યૂમાં આસિફે જણાવ્યું હતું કે અમે અમારા લશ્કરી દળોને મજબૂત બનાવ્યાં છે, કારણ કે તે કંઈક એવું છે જે હવે નિકટવર્તી છે. તેથી આવી સ્થિતિમાં કેટલાંક વ્યૂહાત્મક નિર્ણયો લેવા પડશે, તેથી તે નિર્ણયો લેવામાં આવ્યા છે. ઈસ્લામાબાદ હાઇ એલર્ટ પર છે અને જો અમારા અસ્તિત્વ માટે સીધો ખતરો હશે તો

જ અમે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરીશું. આસિફે જણાવ્યું હતું કે ભારત ઉશ્કેરણીજનક નિવેદનો કરી રહ્યું છે અને પાકિસ્તાની આર્મીએ સરકારને ભારતીય હુમલાની શક્યતા અંગે માહિતી આપી છે. ઈસ્લામાબાદે ગલ્ફ દેશો અને ચીન સહિતના મિત્ર દેશોનો સંપર્ક કર્યો છે તથા બ્રિટન, અમેરિકા અને અન્ય દેશોને પણ પરિસ્થિતિ અંગે માહિતી આપી છે. ખાડીના અમારા કેટલાક મિત્રોએ બંને પક્ષો સાથે વાતચીત કરી છે. અમેરિકા આ બાબતમાં હસ્તક્ષેપ કરવાથી અત્યાર સુધી દૂર રહ્યું છે. ભારત સરકાર જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ માટે જોખમી બનેલા પાકિસ્તાન સ્પોન્સર આતંકવાદ સામે નિર્ણાયક કાર્યવાહીની તૈયારી કરી રહી છે ત્યારે આસિફે આ નિવેદન આપ્યું હતું. બીજી તરફ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સોમવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે તેમના સત્તાવાર નિવાસસ્થાન ૭, લોક કલ્યાણ માર્ગ ખાતે મુલાકાત કરી હતી. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે આતંકવાદનો સામનો કરવા માટે લેવામાં આવેલા મહત્ત્વના નિર્ણયો વિશે સંરક્ષણ પ્રધાનને માહિતી આપ્યાના એક દિવસ પછી આ બેઠક યોજાઈ હતી. વડાપ્રધાન અને સંરક્ષણ પ્રધાનની બેઠકના ત્રણ દિવસ પહેલા સંસદ પરિસરમાં સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી, જેમાં રાજનાથ સિંહે હુમલા પછીની સુરક્ષા સ્થિતિ અંગે વિપક્ષોને માહિતગાર કર્યા હતાં. ૨૨ એપ્રિલે પહેલગામ હુમલામાં ૨૬ પ્રવાસીઓના મોત પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી ઊભી થઈ છે. રાષ્ટ્રીય તપાસ એજન્સીની ટીમો ૨૩ એપ્રિલથી હુમલાના સ્થળે તૈનાત છે અને પુરાવા એકત્ર કરી રહી છે. ભારતીય સેનાએ અનેક સર્ચ ઓપરેશન શરૂ કર્યા છે અને જવાબદાર આતંકવાદીઓના સફાયો કરવાની કરવાની કામગીરી કરી રહી છે. ૨૩ એપ્રિલે સુરક્ષા અંગેની કેબિનેટ કમિટીએ સ્થિતિની સમીક્ષા કરી હતી.

તમામ નેતાઓને કડક આદેશ આપ્યા

પહલગામ હુમલા અંગે વિવાદિત નિવેદનો આપતા નેતાઓથી રાહુલ ગાંધી નારાજ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

પહલગામ હુમલા પર કોંગ્રેસના વિવિધ નેતાઓ દ્વારા આપવામાં આવી રહેલા વિવાદિત નિવેદનોથી પક્ષના હાઈકમાન્ડે હાથ ઝાટક્યા છે. તેમજ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને સાંસદ રાહુલ ગાંધી નારાજગી વ્યક્ત કરતાં તમામ નેતાઓને કડક આદેશ આપ્યા છે કે, તેઓ આ મુદ્દે પક્ષથી વિરુદ્ધ કોઈ નિવેદન ન આપે, જો નિવેદનો આપશે તો કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશે પણ પક્ષના નેતાઓના વિવાદિત નિવેદનો પર સ્પષ્ટતા કરી છે કે, વિવિધ નેતાઓ દ્વારા આપવામાં આવી રહેલા નિવેદનો વ્યક્તિગત છે. જેની પક્ષ જવાબદારી લેતું નથી. કોંગ્રેસ પક્ષના નિવેદન અને પ્રતિક્રિયા સીડબ્લ્યૂસી રિઝોલ્યુશનમાં દર્શાવવામાં આવી છે.

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ દ્વારા આપવામાં આવેલી પ્રતિક્રિયા જ કોંગ્રેસ પક્ષની છે. કોંગ્રેસ હાઈકમાન્ડે આ સંદર્ભે ટૂંકસમયમાં સત્તાવાર નિવેદન આપશે. પ્રાપ્ત માહિતી અનુસાર, તમામ નેતાઓ પહલગામ મુદ્દે પક્ષના વલણ મુજબ નિવેદન આપે. પક્ષની એકતા અને સંગઠનાત્મક શિસ્ત જાળવી રાખતાં હાઈકમાન્ડે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે, નેતા પક્ષની લાઈનથી ભટકી જશે, તો તેમણે માઠા પરિણામો ભોગવવા પડશે.

ભારતની કાર્યવાહીથી પાકિસ્તાન ભયભીત

PoKમાં આતંકવાદીઓના લોન્ચ પેડ ખાલી કરાવાયા

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૯ ।

પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારતની કાર્યવાહીથી પાકિસ્તાન ભયભીત થઈ ગયું છે. પાકિસ્તાની કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદીઓને લૉન્ચ પેડમાંથી બહાર કાઢી આર્મી શેલ્ટર્સમાં શિફ્ટ કરવામાં આવી રહ્યા છે. પાકિસ્તાની સેનાએ આતંકવાદીઓને આર્મી શેલ્ટર અથવા બંકરોમાં જતા રહેવા તેમજ તમામ લૉન્ચ પેડ ખાલી કરવા કહ્યું છે. સુરક્ષા એજન્સીઓના સૂત્રોના જણાવ્યા મુજબ, આતંકવાદીઓ PoK સ્થિત લૉન્ચ પેડથી ગાઈડ દ્વારા જમ્મુ-કાશ્મીરની સરહદમાં ઘૂસણખોરી કરે છે. ભારતીય સુરક્ષા એજન્સીઓએ કેટલાક લૉન્ચ પેડની ઓળખ કરી લીધી છે. આતંકવાદીઓને લૉન્ચ પેડની મદદથી શિફ્ટ કરવામાં આવી રહ્યા છે. સૂત્રો મુજબ, કેલ, સારડી, દુધનિયાલ, અથમુકમ, જુરા,



લીપા, પછિબન, ફૉરવર્ડ કહુટા, કોટલી, ખુઈરત્તા, મંધાર, નિકેલ, ચમનકોટ અને જાનકોટમાં કેટલાક લૉન્ચ પેડ છે, જ્યાં હેમેશા આતંકવાદીઓ હોય છે. પહલામગામ હુમલા બાદ ભારત-પાકિસ્તાન તણાવ સતત વધી રહ્યો છે. કાશ્મીરમાં LoC પાસેના રહેવાસીઓએ પોતાની સુરક્ષા માટે તમામ વ્યવસ્થા કરવાની શરુઆત કરી દીધી છે. કેટલાક વર્ષોથી સામાન્ય સ્થિતિ અને શાંતિ બાદ સરહદ પાસે તણાવ વધતાં ત્યાંના રહેવાસીઓમાં ડરનો માહોલ ઊભો થયો છે.

પાકિસ્તાન સરહદ બંધ થતા

અફઘાનિસ્તાનની ડ્રાય ફ્રૂટના ૩૦૦ ટ્રક અટારી બોર્ડરે અટક્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

પહલગામના આતંકવાદી હુમલા બાદ અફઘાનિસ્તાનથી પાકિસ્તાનના માર્ગે ભારત આવતા જરદાળુ, બદામ, કાળી અને લીલી કિસમિસ, પિસ્તા, અખરોટના ભાવમાં ૧૫ ટકાનો વધારો થઈ ગયો છે. અમદાવાદના ડ્રાય ફ્રૂટના અગ્રણી વેપારી સુભાષ અગ્રવાલનું કહેવું છે કે, મામરો બદામના કિલોદીઠ ભાવમાં ૪૦૦ થી ૬૦૦ રૂપિયા, અંજીરના ભાવમાં ૧૫૦ રૂપિયા, જરદાળુના ભાવમાં ૫૦ રૂપિયા, કિસમિસના ભાવમાં ૪૦ રૂપિયા, કાજુના કિલોદીઠ ભાવમાં ૧૫૦ રૂપિયા, પિસ્તાના ભાવમાં ૩૦૦ રૂપિયાનો વધારો થયો છે. આ જ રીતે અખરોટના ભાવમાં પણ તેજી જોવા મળી રહી છે. આ વધારાની અસર અમદાવાદ, ગુજરાત સહિત આખા દેશમાં જોવા મળી શકે છે. અફઘાનિસ્તાનથી આવતા ડ્રાયળફ્રૂટ પાકિસ્તાન થઈને ભારત આવે છે. પહલગામ પછી પાકિસ્તાન સામે ભારત સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાંને પરિણામ ડ્રાય ફ્રૂટનો સપ્લાય જ ખોરવાઈ જવાની સંભાવના રહેલી છે. ભારતમાં ડ્રાય ફ્રૂટની સૌથી વધુ નિકાસ અફઘાનિસ્તાન કરે છે. અફઘાનિસ્તાનથી ભારતમાં દર વર્ષ અંદાજે ૨૦,૦૦૦ ટન ડ્રાય ફ્રૂટની આયાત થાય છે. જરદાળુ, બદામ, લીલી અને કાળી કિસમિસ, પિસ્તા, અખરોટનો સપ્લાય અટકી જવાની સંભાવના છે. ભારતમાં ડ્રાય ફ્રૂટનો વપરાશ છેલ્લાં થોડા વર્ષોથી વધી રહ્યો છે. તેથી સપ્લાયની ખેંચ વધતા ભાવ વધારો ઊંચો આવી શકે છે.બજારના સૂત્રોનું કહેવું છે કે, ભારતમાં ડ્રાય ફ્રૂટનો ભાવ બહુ વધી ન જાય તે માટે તેની આયાત કરવા માટેના વિકલ્પની આપણે તપાસ કરવી પડશે. જોકે, ભારત અમેરિકાથી પણ ડ્રાય ફ્રૂટની આયાત કરે છે. અમેરિકાથી આયાત કરવામાં આવતા ડ્રાય ફ્રૂટ દુબઈ થઈને ભારતના બજારમાં આવે છે. અટારી બોર્ડરથી પણ ખાસ્સા ડ્રાય ફ્રુટ ભારતના બજારમાં ઠલવાઈ રહ્યા છે. એવામાં હવે તો અટારી બોર્ડર પણ હવે તો બંધ કરી દેવામાં આવી છે. અત્યારે પણ પાકિસ્તાન તરફની અટારી બોર્ડર પર ડ્રાય ફ્રૂટની ૩૦ ટ્રક ભારતમાં પ્રવેશ મળે તેની રાહ જોઈને ઊભી છે. મે મહિનામાં લગ્નસીઝન વધુ મોટી થતાં ડિમાન્ડ વધશે. એટલે આ ડિમાન્ડને પહોંચી વળે તેટલો સ્ટોક ભારતના વેપારીઓ પાસે અત્યારે હાજર છે. જુલાઈ માસ પછી ભારતીય બજારમાં ડ્રાય ફ્રૂટની અસલી અછત જોવા મળી શકે છે.

દિલ્હી-ગુરુગ્રામ એક્સપ્રેસ વે પર ટ્રાફિક જામમાં ફસાયેલા વાહનો.

ચોથા ક્રમે બેટિંગ અને કીપિંગ કરવું જોઈએઃ કેવીન પીટરસન

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન અને આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સની ટીમના મેન્ટર કેવીન પીટરસનનું માનવું છે કે ભારતીય ક્રિકેટર કે એલ રાહુલ ચોથા ક્રમનો સર્વશ્રેષ્ઠ બેટ્સમેન છે અને તેણે ભારત માટે આગામી ટી૨૦ વર્લ્ડ કપ માં આ જ ક્રમે બેટિંગ કરવા ઉપરાંત વિકેટકીપિંગ કરવું જોઈએ.ભૂતકાળમાં ટી૨૦ ક્રિકેટમાં રાહુલના અભિગમ વિશે સવાલો થતા રહેતા હતા.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

ટેલિકોમ્યુનિકેશન ગીયર્સના વિવિધ કામ

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત ડીઆરએમ/એસ એન્ડ ટી ટેન્ડર નં. ડીઆરએમ-એસએનટી-એડીઆઈ-ટેલી ૦૨, ૨૫-૨૬ બંધ થવાની તારીખ ૨૭-૦૫-૨૦૨૫, ૧૫:૦૦, સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડરો તેમની મૂળ/સુધારેલ બિડ ફક્ત બંધ થવાની તારીખ અને સમય સુધી જમા કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વીકારવામાં નહીં આવે, અને કોઈપણ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થશે તો તેને અવગણવામાં આવશે. **ટેન્ડર નં. ડીઆરએમ-એસએનટી-એડીઆઈ-ટેલી ૦૨, ૨૫-૨૬ (૧) કામનું નામઃ** અમદાવાદ ડિવિઝન ઉપર આઉટડોર/ઈનડોર ટેલિકોમ્યુનિકેશન ગીયર્સના સમારકામ અને જાળવણી માટેના કામના સંબંધમાં આંશિક આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમીશનીંગના આઉટસોર્સિંગની જોગવાઈ કરાવીને ભરોસા પાત્રતા સુધારણા કરવાનું કામ. **(૨) કામની અંદાજીત પડતરઃ** ૮,૯૪,૬૩,૨૯૯.૯૦/- (રૂપિયા આઠ કરોડ ચોરાણું લાખ ત્રેંસઠ હજાર બસો નવ્વાણું અને નેવુ પૈસા માત્ર) **(૩) અર્નેસ્ટ મની ડિપોઝીટઃ** ૫,૯૭,૩૦૦/- (રૂપિયા પાંચ લાખ સત્તાણું હજાર ત્રણ સો માત્ર) **(૪) ટેન્ડર બંધ થવાની અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** તા.૨૭-૦૫-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી તે પછી નહીં અને તા.૨૭-૦૫-૨૦૨૫ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **(૫) ઈ-ટેન્ડરીંગની વેબસાઈટઃ** www.ireps.gov.in

ADI-025

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

ન્યૂઝ બ્રિફ

ખોટો મેડિકલેમ બનાવી નાણાં પડાવવાનો ડોક્ટરનો કારસો

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

રાજકોટની સમર્પણ હોસ્પિટલ વિવાદમાં આવી છે. સમર્પણ હોસ્પિટલના ડોક્ટરના ખોટા મેડિકલેમ બનાવી નાણાં ખંખેરવાના કાવતરાનો પર્દાફાશ થયો છે. હોસ્પિટલમાં સેવા આપતા ડોક્ટ મનોજ સિડા ખોટા મેડિક્લેમથી ૪૦ લાખ રૂપિયા પડાવવા મામલે સંકજામા આવ્યા છે. ડોક્ટર મનોજ સિડા સામેની તપાસ પૂર્ણ ના થાય ત્યાં સુધી તેમનું લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. નવો હુકમ ન થાય ત્યાં સુધી તેઓ ગુજરાતમાં કોઈપણ સ્થળે પ્રેક્ટિસ કરી શકશે નહી. ખોટા મેડિકલેમ બનાવી નાણા ખંખેરવા મામલે ડોક્ટર સહિત ૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ સમર્પણ હોસ્પિટલના ડોક્ટરે મેડિકલેમ મામલે પૈસા પડાવવાના ષડયંત્રનો થર્ડ પાર્ટી ઓડિટ તપાસમાં પર્દાફાશ થયો. ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં થર્ડ પાર્ટી ઓડિટ કરતી એજન્સી ફોનિક્સ એસ્યોરન્સના મેનેજિંગ ડિરેક્ટર ડો. રશ્મિકાંત પટેલે આ મામલે ફરિયાદ કરતા ખોટા મેડિકલેમના ષડયંત્રનો ઘટસ્ફોટ થયો. ડોક્ટર રશ્મિકાન્ત પટેલે પોતાની ફરિયાદમાં કહ્યું કે ૪૦ લાખનો દાવો કરના દર્દીનો મેડિકલેમ બે ડોક્ટર દ્વારા ફાઈલ કરવામાં આવ્યો. ૪૦ લાખમાંથી થેરાપિસ્ટ ડોક્ટરને ૧૦ લાખ મળવાના હતા.

તાપીમાં અંબિકા નદી પર એર ફિલ્ડ રબર ડેમનું ખાતમુહૂર્ત કરાયુ

। (એજન્સી) તાપી, તા.૨૯ ।

દેશમાં બીજો અને ગુજરાતનો પહેલો એર ફિલ્ડ રબર ડેમ તાપી જિલ્લામાંથી પસાર થતી અંબિકા નદી પર બનવા જઈ રહ્યો છે. જેનું ખાતમુહૂર્ત આજે મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ધારાસભ્ય મોહન કોંકણી, જિલ્લા પંચાયત પ્રમુખ જાલમસિંહ વસાવા અને જિલ્લા ભાજપ પ્રમુખ સૂરજ વસાવા ઉપસ્થિત રહ્યા હતા. તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામેથી પસાર થતી અંબિકા નદી ઉપર ૭૯.૯૨ કરોડના ખર્ચે બનવા જઈ રહેલા 'એર ફિલ્ડ રબર ડેમ'નું ખાતમુહૂર્ત નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે કરવામાં આવ્યું છે. તાપી જિલ્લાના ડોલવણ તાલુકો કે જેમાં વરસાદ તો ખુબ જ પડે, પરંતુ પાણી વહી જતા અહીંની જનતાએ સિંચાઈ તેમજ પીવાના પાણી માટે વલખા મારવા પડે છે. ત્યારે સરકાર દ્વારા બનવા જઈ રહેલા ગુજરાતના સૌપ્રથમ રબર ડેમનું ખાતમુહૂર્ત આજે કરાયું છે. ૭૯.૯૨ કરોડના ખર્ચે અંબિકા નદી પર બનવા જઈ રહેલા એર ફિલ્ડ રબર ડેમની લંબાઈ ૩૮૬ મીટર જેટલી રહેશે. જ્યારે તેમાં ૩.૫૦ એમસીએમ પાણીના જથ્થાનો સંગ્રહ કરી શકાશે અને ૬૫૦ હેકટર જમીનને સિંચાઈનું પાણી મળી શકશે. ત્યારે આ વિસ્તારમાં પાણીનો સંગ્રહ થવાથી કુવા અને બોરના પાણીના સ્તર ઊંચા આવશે. રબર ડેમ કે જેને હવા ભરેલા ડેમ પણ કહેવામાં આવે છે. સ્ટીલ ગેટેડ એર ફિલ્ડ રબર ડેમના નિર્માણમાં એક ખાસ પ્રકારના કુત્રિમ રબરનો ઉપયોગ કરવામાં આવે છે. જે કોંક્રિટના બનેલા બેઝ સાથે જોડાયેલું હોય છે.

મેગા ડિમોલિશન પર સ્ટેની અરજી હાઇકોર્ટે ફગાવી

અમદાવાદના ચંડોળા તળાવમાં વહેલી સવારથી બુલડોઝર એક્શન શરૂ

પોલીસે અહીંથી જ ૮૦૦થી વધુ જેટલા શંકાસ્પદ લોકોની અટકાયત કરી હતી એવામાં હવે અહીં ગેરકાયદે બાંધકામો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ, સુરત અને રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ગેરકાયદે પ્રવાસીઓ વિરુદ્ધ મેગા ઓપરેશન હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. મોટા શહેરોથી લઈને ગ્રામીણ વિસ્તારોમાં પણ બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધી તેમની અટકાયત કરવામાં આવી રહી છે. એવામાં બાંગ્લાદેશી ઘૂસણખોરોના સૌથી મોટા અડ્ડા સમાન ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશન કરવામાં આવ્યું છે. જોકે, હવે આ કામગીરી પર સ્ટે મૂકવા માટે હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. જોકે, હાઈકોર્ટ દ્વારા આ અરજી ફગાવી દેવામાં આવી છે. અમદાવાદના ચંડોળા તળાવ પાસે સૌથી વધુ બાંગ્લાદેશી ઘૂસણખોરો રહે છે. પોલીસે અહીંથી જ ૮૦૦થી વધુ જેટલા શંકાસ્પદ લોકોની અટકાયત કરી હતી. એવામાં હવે અહીં ગેરકાયદે બાંધકામો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. સોમવાર રાત્રિથી જ ચંડોળા તળાવ પાસે મોટી સંખ્યામાં બુલડોઝર અને ટ્રકો ગોઠવી દેવામાં આવ્યા હતા. અહીં ગુજરાત પોલીસની સાથે સાથે કાઈમ બ્રાન્ચ, સાયબર ક્રાઇમ, SRP તથા SOGની ટીમો પણ તૈનાત કરી દેવામાં આવી છે. કુલ બે હજારથી વધુ જવાનો તૈનાત કરાયા છે. અંદાજે ૪૦થી ૫૦ બુલડોઝર અને ૪૦થી વધુ ડમ્પરનો ખડકલો ચંડોળા તળાવ પાસે કરી દેવાયો છે. ચંડોળામાં અત્યાર સુધી ૫૦૦ જેટલા મકાનો અને ઝૂપડાં ધ્વસ્ત કરાયા છે. ત્યારે લલ્લા બિહાર નામનો વ્યક્તિ ખૂબ ચર્ચામાં છે.લલ્લા બિહારીએ પચાવી પાડેલી ૨ હજાર વાર જગ્યા ખુલ્લી કરીને તેના ગેરકાયદે ફાર્મ હાઉસને તોડી પાડવામાં આવ્યું છે.

નવી શિક્ષણ નીતિને વધુ દૃઢ બનાવવામાં આવી

નવી શિક્ષણ નીતિ માટે UGCના નવા નિયમો જાહેર

આ નવા નિયમો અનુસાર કામગીરી કરે, નહીં તો તેમના વિરુદ્ધ ગ્રાન્ટ કાપવા સહિતના પગલાં લેવામાં આવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

દેશમાં ૨૦૨૦થી લાગુ કરવામાં આવેલી નવી શિક્ષણ નીતિને હવે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) દ્વારા વધુ દૃઢ બનાવવામાં આવી છે. અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસક્રમો માટે 'મિનિમમ સ્ટાન્ડર્ડ રેગ્યુલેશન્સ – ૨૦૨૫' હેઠળ નવા ધારાધોરણો જાહેર કરવામાં આવ્યા છે. યુનિવર્સિટીઓને તાકીદ કરવામાં આવી છે કે આ નવા નિયમો અનુસાર કામગીરી કરે, નહીં તો તેમના વિરુદ્ધ ગ્રાન્ટ કાપવા સહિતના પગલાં લેવામાં આવશે.

નવા ધોરણોનો મુખ્ય ઉદ્દેશ નવી એજ્યુકેશન પોલિસીના અમલને સુસંગત અને દેશવ્યાપી બનાવવાનો છે. નવા નિયમો મુજબ, તમામ કોર્સમાં મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝિટ સિસ્ટમ, જનરલ અને વોકેશનલ એજ્યુકેશનના એકીકરણ તેમજ એક વર્ષમાં બે વખત પ્રવેશ જેવા સુધારાઓ અમલમાં આવશે. પ્રવેશ હવે જૂન-જુલાઈ અને જાન્યુઆરી-ફેબ્રુઆરીના મહિનાઓમાં આપ વામાં આવશે.

અંડર ગ્રેજ્યુએશનમાં ત્રણ વર્ષના કોર્સ માટે ૧૨૦ ક્રેડિટ અને ચાર વર્ષના ઓનર્સ કોર્સ માટે ૧૬૦ ક્રેડિટ ફરજિયાત રહેશે. ઓનલાઈન, પ્રમાણપત્ર અથવા અન્ય કોર્સની ક્રેડિટ પણ ગણતરીમાં લેવામાં આવશે. ખાસ કરીને "ફાસ્ટ ટ્રેક" અને "એક્સ્ટેન્ડેડ ડિગ્રી" જેવી સુવિધાઓ હવે માન્ય થશે. એટલે કે, વિદ્યાર્થીઓ હવે ૩ વર્ષનો કોર્સ ૫ સેમેસ્ટરમાં પૂરો કરી શકે છે, અથવા ફરજિયાત ક્રેડિટ્સ પૂરા કરી દીધા હોય તો તેઓ સમય પહેલા ડિગ્રી મેળવી શકશે. બીજી તરફ, જો કોઈ વિદ્યાર્થી સમયસર અભ્યાસ પૂરું ન કરી શકે તો તેને વધારાના ૧ વર્ષ (અર્થાત્ ૨ સેમેસ્ટર) સુધી સમય મળશે. રાજ્ય સરકારો માટે ખાસ નોંધપાત્ર બાબત એ છે કે અત્યાર સુધી જે SOPના આધારે કામ ચાલતું હતું, તેને હવે નવી ેંય્ઝ ધોરણો અનુસાર ફરીથી ઘડવાની ફરજ પડી શકે છે. હાલ દરેક રાજ્યની યુનિવર્સિટીઓમાં ૨૦૨૦ની નીતિ અનુસાર જાહેર કરાયેલ SOP મુજબ કામ ચાલી રહ્યું છે. પરંતુ નવા ધોરણોની અમલવારી સાથે હાલની SOP અપૂર્ણ ગણાશે. ઉલ્લેખનીય છે, UGCની ચેતવણી પ્રમાણે, જો કોઈ યુનિવર્સિટી આ નવા નિયમોનું પાલન નહીં કરે તો તેમને મળતી ગ્રાન્ટ કાપી લેવાશે અને આવશ્યક હોય તો વધુ કડક પગલાં પણ લેવામાં આવશે.

નકલી ગુટખા બનાવતી ફેક્ટરી ઝડપાઇ, પોલીસે ચાર આરોપીની કરી ધરપકડ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી નકલીની બોલબાલા છે. નકલી વકીલ, નકલી જજ, નકલી પોલીસ, નકલી ધારાસભ્ય, નકલી સચિવ સાથે નકલી તબીબો પણ મળી આવવાના કિસ્સાઓ આપણે જોયા છે. જો કે હવે તો ગુટખા પણ નકલી બનવા લાગ્યા છે. ગાંધીનગરના ભેળસેળયુક્ત ઘી અને નકલી ગુટખા બનાવવાનો પર્દાફાશ થયો છે.

ગાંધીનગરમાં અડાલજ – ઝુંડાલની નર્મદા કેનાલ પાસેથી ગોડાઉન ઝડપાયું છે. અમૂલ ઘીની બનાવટમાં ઉપયોગમાં લેવાતા સાધનો જપ્ત કરાયા છે. શંકાસ્પદ પાન મસાલાનો જથ્થો સહિત ૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પોલીસે ૪ આરોપીની ધરપકડ કરી છે.

અડાલજ – ઝુંડાલની નર્મદા કેનાલ પાસે બાતમીના આધારે ઝમ્એ દરોડા પાડ્યા હતા. આ કારખાનામાં ભેળસેળયુક્ત ઘી અને નકલી ગુટખા બનાવવાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. અમૂલ ઘીની બનાવટમાં ઉપયોગમાં લેવાતા સાધનો જપ્ત કરાયા હતા. શંકાસ્પદ પાન મસાલાનો જથ્થો સહિત ૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. જેના પગલે પોલીસે ૪ આરોપીની ધરપકડ કરવામાં આવ્યો છે.

થરામાં શ્રી પરશુરામ ભગવાન ની જયંતી ભવ્ય ઉજવણી... શોભાયાત્રા નીકળી

તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૯ ।

થરા ખાતે શ્રી પરશુરામ ભગવાન ની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં પ્રથમ તાણા રોડ મંગલમૂર્તિ સોસાયટી સામે સસ્થાનું નવા મકાનમાં યજમાનો દ્વારા હવન વાસ્તુ યજ્ઞ આરતી કરવામાં આવી હતી ત્યારબાદ વાળીનાથ મહાદેવ મંદિરથી શોભાયાત્રા પ્રસ્થાન કરવામાં આવી હતી અને ત્યાંથી મેઈન બજાર, ચોરાશીથી નાળું માર્કેટ નવખંડ મહાદેવ અને ત્યાંથી હાઈવે બહુચર માતાના મંદિરે પૂજારીએ પરશુરામજીની આરતી ઉતારી ત્યારબાદ તાણા ગોકુળનગર ગોગા મહારાજ દર્શન કરી વડલાવાળી માઁ ચામુંડા માના મંદિરે થઈ ભૂદેવ નિજ ભવન આનંદ ભુવન પૂર્ણાહુતિ કરવામાં આવી હતી જેમાં શોભાયાત્રામાં ઠક્કર મુકતાબેન અચરતલાલ પરિવાર દ્વારા ઠંડી છાશની વ્યવસ્થા કરવામાં આવી હતી અને સમાજ અગ્રણી હરગોવન ભાઈ શિરવાડીયા વક્તવ્ય તથા પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ પ્રાપ્ત કરી પરશુરામનો જય જય કાર કરી સમૂહ ભોજન પ્રસાદ લઈ સૌ ભુદેવો છૂટા પડ્યા હતા અને સુખમય રીતે શોભા યાત્રાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી જેમાં બહોળી સંખ્યામાં જય જય પરશુરામના નારાથી ભૂદેવ ભાઈઓએ ગગન ગુજાવ્યુ હતું. થરા પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

અમદાવાદના ઈન્દીરાબ્રીજ પાસ આવેલા ફલેટમાં આગ લાગી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદમાં ઈન્દિરા બ્રિજ પાસેના એક એપાર્ટમેન્ટના ચોથા માળે આગ લાગતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ફ્લેટના એસીમાં આગ લાગતાં આખા ફ્લેટમાં આગ લાગી ગઈ હતી. આગ લાગી ત્યારે ફ્લેટમાં બે બાળકો હાજર હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં ફાયર બ્રિગેડની ૧૦ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને વધુ તપાસ કરી રહી છે.અમદાવાદમાં ઈન્દિરા બ્રિજ નજીક આવેલા આત્રેય ઓર્કિડ ફ્લેટના ચોથા માળે આવેલા ફ્લેટમાં આજે સાંજે આગ લાગી હતી. એવું માનવામાં આવે છે કે આગ છઝના કારણે લાગી હતી. થોડીવારમાં આગ ભીષણ બની અને પાંચમા માળે પહોંચી ગઈ. આગની માહિતી મળ્યા બાદ, પાંચ ૧૦૮ એમ્બ્યુલન્સ અને ફાયર વિભાગના વાહનો પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પાંચ લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હોવાનું કહેવાય છે.

અખાત્રીજથી તેઓ ચાર્જ સંભાળશે

અમદાવાદ શહેર ભાજપના નવા પ્રમુખ તરીકે પ્રેરક શાહની વરણી

ગાંધીનગરના પ્રમુખ તરીકે આશિષ દવેની વરણી કરવામાં આવી છે સાથે જ વડોદરામાં પણ નવા જિલ્લા ભાજપ પ્રમુખની જાહેરાત કરવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાત ભાજપ સંગઠનમાં છેલ્લા કેટલાય સમયથી નવા પ્રમુખોની વરણીને લઈને ચર્ચાએ જોર પકડ્યું હતું. ત્યારે આજે ગુજરાત ભાજપ દ્વારા એકબાદ એક નવા પ્રમુખોની વરણી કરવામાં આવી છે. ગાંધીનગર અને વડોદરા બાદ અમદાવાદના ભાજપ પ્રમુખનું પણ નામ જાહેર કરી દેવામાં આવ્યું છે. જેમાં અમદાવાદના નવા ભાજપ પ્રમુખ તરીકે પ્રેરક શાહનું નામ સામે આવ્યું છે. ભાજપ દ્વારા આગામી ચૂંટણીને લઈને અત્યારથી તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. જેમાં ભાજપ હવે ફુલ એક્શન મોડમાં જોવા મળી રહ્યું છે.

સમગ્ર મામલે નવા શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહે નિવેદન આપ્યું કે દર ૩ વર્ષે સંગઠનના પદ પર ફેરફાર થાય છે. તેઓએ ભાજપના ટોચના નેતાઓનો આભાર માન્યો. સાથે જ કહ્યું કે સોનાની થાળીમાં ખિલ્લો રહી ગયો છે જે દૂર કરવાનું કામ કરીશ. ઉપરાંત તેમણે એવું પણ કહ્યું કે મારો અનુભવ ઓછો છે પણ મારા પ્રયત્નોમાં ખામી નહીં હોય. વધુમાં એવું પણ કહ્યું કે કોઈ દબાણમાં આવ્યા વિના નિર્ણય લઈશ. આ સિવાય તેમણે સૌ કોઈ તરફથી સહકાર મળે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. અખાત્રીજે બપોરે ૧૨:૩૯ વાગ્યે પ્રેરક શાહ ચાર્જ લેશે.

સમગ્ર મામલે જીતુ વાઘાણી દ્વારા પ્રેરક શાહના નામની જાહેરાત કરવામાં આવી છે. એટલે કે અમદાવાદ શહેર પ્રમુખ તરીકે હવે પ્રેરક શાહનું નામ સામે આવ્યું છે. આ સિવાય ગાંધીનગરના પ્રમુખ તરીકે આશિષ દવેની વરણી કરવામાં આવી છે. સાથે જ વડોદરામાં પણ નવા જિલ્લા ભાજપ પ્રમુખની જાહેરાત કરવામાં આવી છે. ગાંધીનગરના આશિષ દવેની જો વાત કરવામાં આવે તો તેઓ અગાઉ ગાંધીનગરના વિકાસ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા ગુડા ના ચેરમેન તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમણે શહેરના અવલોકન અને વિકાસના વિવિધ પાસાઓ સાથે લાંબો સંવાદ કર્યો છે અને હવે તેઓ શહેર ભાજપના સત્તાવાર પ્રમુખ તરીકે જવાબદારી સંભાળશે.

આ સિવાય વડોદરાના નવા પ્રમુખ રસિકભાઈ પ્રજાપતિ માટે પૂર્વ પ્રમુખ શતીશ નિશાળિયાએ પ્રસ્તાવ મૂક્યો હતો. સમગ્ર મામલે રસિક પ્રજાપતિએ નિવેદન આપ્યું કે પાર્ટીએ મને જવાબદારી આપી છે જેથી બધાને સાથે રાખીને સંગઠનને મજબૂત બનાવીશું.